# આત્મધર્મ

## વર્ષ ૨૧

## સળંગ અંક ૨૪૪

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | June 2005 | First electronic version. |

જૈન શાસનસ્તંભ ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય-અભિનંદન-અંક

दंसण मूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રી જગજીવન બાવચંદ દોશી
વર્ષ ૨૧ : અંક ૪ ] [ વીર સં. ૨૪૯૦ મહા

ૐ

સ્વાલંબી ઉપયોગરૂપ સ્વરૂપને સાધીને
જે ક્ષેત્રથી સિદ્ધ થયા તે જ ક્ષેત્રે
સમશ્રેણીએ ઊર્ધ્વ સિદ્ધપણે બિરાજે છે,
તેના સ્મરણના કારણરૂપ
આ તીર્થ નિમિત્ત છે.

# શ્રી કુંદકુંદદેવ સ્તવન


( ગાગર ઉપર બેઠો લીલો હંસ રે )

ક્યો કુંદકુંદ દેવ! ક્યિો તમારો દેશ રે, આ ક્યિાં તમારા બેસણાં રે;
ભરત ક્ષેત્ર છે અમારો દેશ રે, આ સીમંધર સભામાં બેસણાં રે;
ભરત ક્ષેત્ર છે અમારો દેશ રે, આ પોન્નૂર ગિરિમાં બેસણાં રે;
આભ સ્વ-સ્થાને છે અમારો વાસ રે, આ અનંત ગુણોમાં બેસણાં રે;
ક્યો કુંદકુંદ દેવ કેમ કરી ગયા વિદેહ રે, આ કેવા પ્રભુને નિહાળીયા રે;
ભક્તિ ભાવે ગયા અમે વિદેહ રે, આ જિનેંદ્ર અદ્‌ભુત નિહાળીયા રે;
પોન્નુર ગિરિથી ગયા પ્રભુ વિદેહ રે, ત્યાં પ્રભુજીના દર્શન પામિયા રે;
સીમંધર પ્રભુના દિવ્ય ધ્વનિના છૂટયા નાદ રે, કુંદકુંદે ઝીલ્યા ભાવથી રે;
અદ્‌ભુત ધ્વનિ સુણી થયા લય લીન રે, આ વીતરાગ ભાવને ઘુંટીયા રે;
વળી ફરી આવ્યા ભરતક્ષેત્ર મોઝાર રે, આ સમય પ્રાભૃતને ગુંથીયા રે;
આ ભરતક્ષેત્રે શ્રુતકેવળી કુંદકુંદ રે, મહામુનિયોના શિરોમણિ રે;
કુંદકુંદ પ્રભુના કેડાયત ગુરુ કહાન રે, આ જગત ઉદ્ધારક પ્રભુ જાગીયા રે;
સુવર્ણપુરી દિસે મહાવિદેહ સમાન રે, સીમંધર પ્રભુજી પધારીયા રે;
તીર્થધામમાં વર્તે જય જયકાર રે, આ મંગળ કાર્યો દિનદિન થાય રે;
જયવંત વર્તે દેવ ગુરુજી શાસ્ત્ર રે, આ શાસન જયવંત વર્તી રહ્યું રે;

## વૈરાગ્ય સમાચાર

શ્રી નાગરદાસ ચકુભાઈ ગઢડાવાળા ( બ્ર. ગુલાબચંદભાઈના બનેવી ) મુંબઈમાં તા. ૯-૧-૬૪ના રોજ સ્વર્ગવાસ પામી ગયા છે. ૨૦ વર્ષથી ગુરુદેવનો તેમને પરિચય હતો. શિખરયાત્રા વખતે પણ તેઓ સાથે જ હતા. સોનગઢમાં સત્‌સમાગમ માટે ઘણો વખત આવતા, મુંબઈ મુમુક્ષુ મંડળમાં પણ વાંચનનો લાભ તેઓ લેતા હતા. તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.

શ્રી નરશીદાસ ડુંગરશી વઢવાણવાળા કે જેમણે લગભગ વીસ વર્ષથી શ્રી જૈન અતિથિ સેવા સમિતિના કોઠારી તરીકે ફરજ બજાવી હતી. તેઓ સોનગઢમાં તા. ૧૫-૧-૬૪ના રોજ હેમરેજનું દર્દ થતાં સ્વર્ગવાસ પામી ગયા છે.



# પોન્નૂરના સન્ત

## ( માગસર વદ આઠમના મંગલદિને પૂ. ગુરુદેવે સંભળાવેલો કુન્દકુન્દ મહિમા )

આજે ભગવાન કુંદકુંદસ્વામીનો આચાર્યપદારોહણનો મહાન દિવસ છે. તેઓ વનજંગલમાં વસતા મહાન દિગંબર સંત હતા. અંતરમાં આનંદનિધાન ભગવાન આત્માના અનુભવ ઉપરાંત ઘણી સ્વરૂપ લીનતાના ઝૂલે ઝૂલતા હતા. લગભગ ૨૦૦૦ વર્ષ પહેલાં મહાવિદેહ ગયા હતા...... ત્યાંથી ભગવાનની દિવ્યધ્વનિનો સંદેશ લાવ્યા, ને અહીં આવીને આ પ્રવચનસાર વગેરે શાસ્ત્રો રચ્યા છે, મદ્રાસથી ૮૦ માઈલ દૂર પોન્નૂર પહાડ છે ત્યાં તેઓ ધ્યાન કરતા હતા ને ત્યાંથી વિદેહ ગયા હતા. ને ત્યાંજ શાસ્ત્રો રચ્યા હતા. ત્યાં તેમના પ્રાચીન ચરણ પાદુકા છે. ઉપર ચંપાના ઝાડ છે, બે ગૂફાઓ છે. જૂના શિલાલેખોમાં પણ લખાણ છે કે કુંદકુંદ આચાર્ય મહાઋદ્ધિ ધારી સંત હતા, અને તેમને જમીનથી ચાર આંગળ ઉપર ચાલવાની લબ્ધિ હતી; વિદેહક્ષેત્રે જઈને તેમણે સીમંધરપરમાત્માની વાણી સાંભળી હતી.

આત્મા એકાંત ( રાગથી ને દેહથી પાર, એકત્વ જ્ઞાનસ્વરૂપ ) છે ને એ સ્થાન પણ એકાંત છે. ત્યાં સં. ૨૦૧૫માં યાત્રા કરી હતી; તે સ્થાન ઘણું સરસ છે. માહ સુદ ૧૪ને સોમવારે ફરીને દર્શન કરવાનો લાભ મળ્યો.

અહા, ભરતક્ષેત્રના મુનિએ સદેહે મહાવિદેહક્ષેત્રની યાત્રા કરી ! ભગવાનના સાક્ષાત્ ભેટા કર્યાં ! કેટલી તેમની યોગ્યતા !! કેવી તેમની પવિત્રતા !! બાહુબલિના ૫૭ ફૂટના પ્રતિમા શ્રવણબેલગોલમાં છે; જે દુનિયાની આશ્ચર્યકારી વસ્તુમાં ગણાય છે. ત્યાં બે પહાડો છે, તેના ઉપર પણ કુંદકુંદઆચાર્યદેવ સંબંધીઘણા શિલાલેખો છે; ત્યાં પણ ફરીને જાત્રા કરવા જવાનું છે.

એવા ભગવાન કુંદકુંદસ્વામીને ચતુર્વિધ સંઘે આચાર્યપદે સ્થાપ્યા–તે દિવસ આજે છે. અહા, જ્યારે તેઓ આચાર્યપદે આ ભરતે વિચરતા હશે–એ કેવો કાળ હશે ! અહા ! આ સમયસાર વગેરેમાં તો અધ્યાત્મના દરિયા ખુલ્લા મુક્યા છે. અરે, આત્મા ! તું જ પરમાત્મા છો..... યુક્તિથી, અનુભવથી, ગુરુપરંપરાથી ને સર્વજ્ઞની વાણીથી મેળવેલા આચિંત્ય નિજવૈભવથી તેમણે શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવ્યું છે. પ્રવચન એટલે દિવ્યધ્વનિ તેનો સાર આ પ્રવચનસારમાં તેમણે ભરી દીધો છે. ભવસાગરનો કિનારો તેમને તદ્ન નજીક આવી ગયો હતો. આ ભરતક્ષેત્રના જીવો ઉપર તેમનો મહાન ઉપકાર છે.

# ધર્માત્માની અનુભૂતિ

(સમયસાર ગા. ૩૬ ઉપરના પ્રવચનોમાંથી.)

ધર્માત્માને ચિદાનંદસ્વભાવની અધિકતાવડે પરભાવોથી ભિન્ન શુદ્ધઆત્માની જે અનુભૂતિ થઇ તે કેવી છે? મારો આત્મા ઉપયોગસ્વરૂપ છે, એક ઉપયોગ જ મારું સ્વરૂપ છે–એ સિવાય મોહ સાથે મારે કાંઈ લાગતું વળગતું નથી અંતર્મુખ થયેલી પર્યાયમાં જે અનુભૂતિ થઈ તે મોહરહિત છે; મોહ તો જડ તરફનો ભાવ છે, ચૈતન્યસ્વભાવ તરફનો ભાવ તે નથી, માટે ચૈતન્યની અનુભૂતિમાં મોહ સાથે કાંઈ સંબંધ નથી. –જ્ઞાનનો વેપાર સ્વ તરફ વળ્યો ત્યાં જ્ઞાયકસ્વભાવભાવપણે જ આત્મા અનુભવાય છે, તેમાં મોહ અનુભવાતો નથી. અસ્થિરતાનો જે મોહભાવ હોય તેને જ્ઞાની પોતાના સ્વભાવપણે અનુભવતા નથી. ચૈતન્યભાવપણે જ પોતાના સ્વભાવને અનુભવે છે. ચૈતન્યસ્વભાવ કદી પરભાવપણે અનુભવાતો નથી. ચૈતન્યભાવ અને મોહભાવને ભિન્ન ભિન્ન કરીને જ્ઞાની ચૈતન્યભાવપણે જ પોતાને અનુભવે છે. આ રીતે ચૈતન્યસ્વભાવની શાશ્વત પ્રતાપસંપદા વડે ભગવાન આત્મા (–જેને ભેદજ્ઞાન થયું છે એવા જીવને અહીં ભગવાન આત્મા કહ્યો છે તે) જ જાણે છે કે પરમાર્થે હું એક ચૈતન્યભાવમય જ છું, બીજા જે રાગાદિ ભાવો છે તે હું નથી, તે ભાવો મારો સ્વ–ભાવ નથી. મારો ચૈતન્યસ્વભાવ એવો નથી કે મોહપણે પરિણમે.

મોહમાં એવી તાકાત નથી કે સ્વ–પરને પ્રકાશે; વિશ્વના સમસ્ત પદાર્થોને પ્રકાશવામાં સમર્થ એવી સંપતિ તો ચૈતન્યમાં જ છે, ભગવાન આત્મા જ પોતાની શાશ્વતી ચૈતન્યસંપદાના પ્રતાપવડે સમસ્ત વિશ્વને જાણવાની તાકાતવાળો છે. ચૈતન્યશક્તિનો પ્રતાપ સદાય વિકાસરૂપ છે; મોહ તો ચૈતન્યના વિકાસને અટકાવનાર છે. ચૈતન્યનો વિકાસ શાંત–અના–કુળ છે, ને મોહનો વિલાસ તો આકુળતા અને દુ:ખમય છે. ચૈતન્યનો સ્વાદ અને મોહનો સ્વાદ જુદો છે. જેમ શીખંડમાં દહીંનો અને ખાંડનો સ્વાદ જુદો જુદો છે, તેમ ચૈતન્યસ્વભાવનો અને મોહભાવનો સ્વાદ જુદો છે, આ રીતે સ્વાદના ભેદથી ભેદજ્ઞાન કરીને ધર્મીજીવ મોહને જરાપણ પોતાપણે અનુભવતા નથી. એક ચૈતન્યભાવને જ પોતાપણે અનુભવે છે. આ પ્રકારની અનુભૂતિથી ધર્માત્માને ભેદજ્ઞાન થયું. એટલે પરભાવોને પરપણે જાણીને તેને છોડી દીધા, ને જ્ઞાયકભાવને એકને જ સ્વપણે જાણીને તેમાં તન્મયતા કરી. આવી અનુભૂતિ તે ધર્મ છે, તે મોક્ષનો પંથ છે.

જે શાંત અનાકુળ ચૈતન્યરસપણે સ્વાદમાં આવે તે જ આત્મા છે. તે જ ધર્મીનું સ્વ છે, તે જ જ્ઞાનીની અનુભૂતિનો વિષય છે; અને જે આકુળતાપણે વિકારપણે સ્વાદમાં આવે તે આત્મા નથી, તે ધર્મીનું 'સ્વ' નથી, તે જ્ઞાનીની અનુભૂતિથી બહાર રહી જાય છે. જુઓ, આ ભેદજ્ઞાન! અનુભવ વડે પરભાવોથી આવું ભેદજ્ઞાન થાય ત્યારે ધર્મીની શરૂઆત થાય.

ધર્માત્મા પોતાના અનુભવમાં એમ જાણે છે કે હું સદાય મારા ચૈતન્યરસથી ભરેલો એક છું, પરદ્રવ્યો કે પરભાવો તે મારા નથી, નથી. હું તો શુદ્ધ ચૈતન્યનો સાગર છું.

कहै विचक्षण पुरुष सदा मैं एक हूं,
अपने रससें भर्यो अनादि टेक हूं।
मोह करम मम नांही, नांही भ्रमरस कूप है।
शुद्धचेतना सिंधु हमारो रूप है।।

અહા, ચૈતન્યસાગર એવો હું, –તેમાં મોહના કુવાનો અભાવ છે, હું તો શુદ્ધ ચૈતન્યરસથી જ ભરેલો સાગર છું–એમ વિચક્ષણ–ધર્માત્મા અનુભવે છે.

અહા, આ અવસર આ વસ્તુની પ્રાપ્તિનો કાળ છે. બહારના વાદવિવાદ છોડ, ભાઈ! અંદરમાં આખો ચૈતન્યસાગર–આનંદનો દરિયો હિલોળા મારે છે તેનો અનુભવ કર, કરુણાઅષ્ટકમાં પ્રભુને પ્રાર્થના કરતાં શ્રી પદ્મનંદીસ્વામી કહે છે કે હે વીતરાગી પરમાત્મા! આપના સ્વરૂપને ઓળખ્યા વગર, અને આપે કહેલા તત્ત્વસ્વરૂપને ઓળખ્યા વગર, આ સંસારમાં મેં અનંતકાળ પરિભ્રમણ કર્યું, ને અનંત દુઃખો ભોગવ્યા, હે નાથ! હવે આપના શરણે હું ફરી ફરીને પોકારી–પોકારીને કહું છું કે હવે મને એક આપનું જ શરણ હો, કેવળજ્ઞાન અને વીતરાગતામય જે શુદ્ધ ચૈતન્યપિંડ તેનું એકનું જ હવે શરણ હો... જેથી આ સંસારભ્રમણ ટળે. ભગવાનનું શરણ હો એટલે પરમાર્થે વીતરાગભાવનું જ શરણ હો–એમ તાત્પર્ય છે.

એકવાર આખા સંસારને લક્ષમાંથી છોડીને અંતરમાં ઘણી ધીરજ અને ઘણા પ્રયત્નવડે અધ્યાત્મની આ વાત અંતરમાં સમજવી જોઈએ. આવા મનુષ્યદેહમાં અત્યારે અનુભવનો અવસર આવ્યો છે તેમાં જો ચૂક્યો તો ક્ષણમાં આ અવસર ચાલ્યો જશે. અરે, ચૈતન્યના અનુભવ વગર સંસારની ચાર ગતિમાં કેવા કેવા અવતાર કરી ચુક્યો! **તેનાથી છૂટવાનો આ અવસર છે. ચૈતન્યસાગરનો અંતરમાં અનુભવ કરતાં ક્ષણમાં અનંત સંસાર તૂટી જશે. એકવાર અંદરમાં દ્રઢરુચિનું એવું ઘર જામી જવું જોઈએ કે કદી ફરે નહિ ચૈતન્યનો પત્તો લીધે જ છૂટકો કરે.**

પ્રભુ! એકવાર આ ચૈતન્યની વાતને અંતરમાં ગોઠવ તો ખરો! અનંતકાળથી પરભાવો ગોઠયા છે તેની ગોષ્ઠી છોડ, ને ચૈતન્યની રુચિ કરીને તેની સાથે ગોષ્ઠી કર જેને ચૈતન્યતત્ત્વ ગોઠયું તેને પરભાવો કેમ ગોઠે? જેને ખરેખર ચૈતન્યતત્ત્વ ગોઠે તે અંતરમાં ઊતરીને તેનો અનુભવ કર્યા વગર રહે નહીં. આવા ચૈતન્યનો જેણે અનુભવ કર્યો તે ધર્માત્મા પરમાર્થે વિચક્ષણ છે. પરભાવોથી ભેદજ્ઞાન કરવામાં તે કુશળ છે. ભેદજ્ઞાનની વિચક્ષણતાવડે સમસ્ત પરભાવોને પોતાથી જુદા કરીને શુદ્ધ ચૈતન્યરસના પિંડપણે તે પોતાને અનુભવે છે મારો આત્મા ચૈતન્યનો દરિયો છે, તે દરિયામાં વિકાર નથી ભર્યો, તેમાં આનંદ વગેરે અનંત ગુણો ભર્યા છે.

ધર્માત્મા આઠે કર્મોને પોતાથી અત્યંત ભિન્ન જાણે છે ને પોતાને ચૈતન્યસિંધુ જાણે છે. હું ચૈતન્યનો સાગર છું, તેમાં જડકર્મનો એક અંશ પણ નથી. હું ચૈતન્યથી પરિપૂર્ણ છું, જડકર્મ સાથે મારે કાંઈપણ સંબંધ નથી. ચૈતન્યરસથી ભરપૂર મહોદધિ–મોટો દરિયો આત્મા છે, તેમાં કર્મ–નોકર્મ કે ભાવકર્મ જરાપણ નથી. આવા સ્વાનુભવથી ધર્મીને જે નિર્મળ અનુભૂતિ પ્રગટી તે અનુભૂતિપર્યાયમાં પણ મોહાદિનો અભાવ છે. આ રીતે ધર્માત્મા નિર્મોહ છે. ‘નથી મોહ તે મારો કંઈ ઉપયોગ કેવળ એક હું’ –એમ તે પર્યાયમાં અનુભવે છે;–આવી ધર્માત્માની અનુભૂતિ છે. મારી અનુભૂતિને મોહ સાથે, રાગ સાથે, દેહસાથે કર્મ સાથે, મન સાથે કે વચન વગેરે સાથે કાંઈ લાગતું વળગતું નથી, મારી અનુભૂતિ તો મારા શુદ્ધ ચૈતન્ય ઉપયોગમય જ છે. આમ ધર્માત્મા અનુભવે છે. આવા અનુભવથી તેણે મોહને મારી નાખ્યો છે. ઊંધી માન્યતાવાળો મોહથી ચૈતન્યપર્યાયને હણે છે, ને જ્ઞાની ધર્માત્મા ચૈતન્યના અનુભવવડે પોતાની પર્યાયમાંથી મોહને હણી નાખે છે. –આવી અનુભૂતિ સહિત જેણે આત્માને જાણ્યો તેણે જ ખરેખર આત્માને જાણ્યો છે.

## લગની અને પ્રાપ્તિ

આખા જગતના કોલાહલને છોડીને, ખરા ચૈતન્યની શોધ પાછળ લાગ, ચિદાનંદ તત્ત્વ શું છે તેનો પત્તો મેળવવા તેની લગની લગાડીને છ મહિના તેના અભ્યાસ પાછળ લાગે, તો જરૂર અંતરધામમાં તને તારા ચૈતન્યની આનંદસહિત પ્રાપ્તિ થશે. બીજી બધી કલ્પના છોડીને એક ચૈતન્યના જ ચિંતનમાં લાગ, તો જરૂર તેની પ્રાપ્તિ તને તારામાં જ થશે. ખરેખરી લગનીથી ચૈતન્યનો પત્તો મેળવવા માગે અને તેનો પત્તો ન મળે એમ બને જ નહિ; સાચેસાચી લગનીથી પ્રયત્ન કરતાં ચૈતન્યતત્ત્વ સ્વાનુભવમાં જરૂર આવે છે.

णमो जिणाणं जिदभवाणं

# જિતભવ નમું જિનરાજને

[ પંચાસ્તિકાયની પહેલી ગાથા ઉપરનું અદ્‌ભુત ભાવભીનું પ્રવચન ]


णमो जिणाणं जिदभवाणं

આજે (શાસ્ત્રીય પોષ વદ આઠમે) કુંદકુંદાચાર્યદેવના આચાર્યપદ–આરોહણનો મંગળ દિવસ છે. આ ભરતક્ષેત્રના મહાન ધર્મધૂરંધર સન્ત કુંદકુંદાચાર્યદેવે ભગવાનના શાસનના રક્ષક તરીકે જૈનશાસનનો દોર આજે હાથમાં લીધો. લોકોએ ભેગા થઈને બહુમાનપૂર્વક તેમને આચાર્યપદે સ્થાપ્યા... પછી તેઓ વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા પાસે ગયેલા, ને ભગવાનનો દિવ્યધ્વનિ સાક્ષાત્ સાંભળીને પછી તેમણે આ સમયસાર, પંચાસ્તિકાય વગેરે મહાન અલૌકિકશાસ્ત્રો રચ્યા... તેમાંથી આ પંચાસ્તિકાયની પહેલી ગાથામાં જિતભાવ જિનેન્દ્રોને નમસ્કારરૂપ અસાધારણમંગળ કરે છે–

શત–ઈન્દ્રવંદિત ત્રિજગહિત–નિર્મળ–મધુર વદનારને,
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને.

જાુઓ, આ અસાધારણ માંગળિક! અનંત ગુણથી ભરેલું આનંદધામ જે આત્મતત્ત્વ તેમાં નિર્મળ વીતરાગપરિણતિદ્વારા પ્રણમન તે ભાવ નમસ્કાર છે, ને તે અસાધારણ માંગળિક છે. આવા ભાવ નમસ્કાર વડે જિતભવ જિનભાવને જે નમ્યો તેને ભવનો નાશ થયા વિના રહે નહિ. ભગવાને ભવને જીત્યા છે ને ભગવાનનો ઉપદેશ ચાર ગતિના ભ્રમણનો નાશક છે. ભવનો નાશ કોને થાય? કે ભગવાનનો ઉપદેશ ઝીલીને જે અંતર્મુખ નમે–પરિણામે તેને ભવનો નાશ થાય છે. આચાર્યદેવ કહે છે કે અહો! આવા ઉપદેશના દેનારા જિનવર ભગવંતોને નમસ્કાર હો.

વિકલ્પથી નમસ્કાર કરવો તે સાધારણ નમસ્કાર છે; નિર્વિકલ્પ પરિણતિરૂપ ભાવનમસ્કાર તે અસાધારણ નમસ્કાર છે. અનાદિના પ્રવાહમાં અનંતા તીર્થંકરો થયા તેમને સ્મરણમાં લાવીને જ્ઞાનમાં તેમનું અચિંત્ય બહુ–

માન કરે છે, એટલે રાગથી જુદા પડીને શ્રુતજ્ઞાનને સ્વસન્મુખ કરીને ઉલ્લસિત પરિણામે ભવરહિત ભગવંતોને નમસ્કાર કરે છે. તે ભાવનમસ્કાર ભવના અભાવનું કારણ છે. જુઓ, આ જ્ઞાનની વિશેષતા. અનંતા કેવળજ્ઞાની જિનવરોને જ્ઞાનમાં લઈને નમસ્કાર કરે છે તેમાં જ્ઞાન રાગથી જુદું પડીને સ્વભાવરૂપ પ્રણમે છે. એ રીતે જેટલી સ્વસન્મુખ વીતરાગ–પરિણતિ થઈ તેટલા ભવનમસ્કાર છે, ને તે અસાધારણ મંગળ છે, તે ભવને જીતવાની રીત છે.

'અનંતા સર્વજ્ઞો! ' અહા, એને જ્ઞાનમાં લીધા તે જ્ઞાનની મહત્તા કેટલી? વાહ! કુંદકુંદાચાર્યદેવ પોન્નૂર જેવા વન પર્વતમાં બેઠાબેઠા અનંતા તીર્થંકરોને લક્ષમાં લઈને, ચૈતન્યના અધ્યાત્મરસમાં કલમ બોળી–બોળીને આ શાસ્ત્રો રચતા હશે, –એ વખતની કેવી સ્થિતિ હશે!! **मंगलं भगवान् वीरो અને मंगल गौतमो गणी-**એ તીર્થંકર અને ગણધર પછી તરત જ માંગલિકમાં જેમનું નામ આવ્યું– (**मंगलं कुन्दकुन्दार्यो**) –તેમના મહિમાની શી વાત! તેમણે તીર્થંકરોના વિરહમાં આ ભરતક્ષેત્રમાં જૈનશાસનને થંભાવી રાખ્યું છે, આચાર્યપદે રહીને તીર્થંકર જેવા કામ કર્યાં છે. તેઓ અહીં માંગળિકમાં સર્વજ્ઞ ભગવાનને અપૂર્વભાવે નમસ્કાર કરે છે: '**णमो जिणाणं जिदभवाणं।** '

અનાદિપ્રવાહથી પ્રવર્તતા તીર્થંકરોને જ્ઞાનમાં લક્ષગત કરવા જાય ત્યાં..... અહા! નિર્વિકલ્પતા જ થઈ જાય છે. તીર્થંકરોનો પ્રવાહ અનાદિ... જેની કોઈ શરૂઆત નહિ, તેને જ્ઞાનમાં લેવા જાય તો જ્ઞાન રાગથી જુદું પડીને અતીન્દ્રિય થયા વગર રહે નહિ. જ્યાં શ્રુતજ્ઞાને અનંત તીર્થંકરોને પોતામાં વસાવ્યા ત્યાં તે જ્ઞાન નિઃશંક થઈ ગયું, રાગરહિત થઈ ગયું, નિર્વિકલ્પ થઈને સ્વરૂપમાં પરિણમ્યું.

ભવને જીતનારા તીર્થંકરો–કેવળીભગવંતોનો પ્રવાહ અનાદિ અને તેને સેવનારા સો ઈન્દ્રોનો પ્રવાહ પણ અનાદિનો; સો ઈન્દ્રોના અધિદેવ એવા જે તીર્થંકરો, તેને સેવનારા ગણધરમુનિંદ્રો અને સો ઈન્દ્રો–તે બધાયનો પ્રવાહ જગતમાં અનાદિનો છે, તેમાં ત્રટ પડે નહિ, તેનો અભાવ જગતમાં કદી ન હોય. –આવો નિર્ણય કરનારું જ્ઞાન નિર્વિકલ્પ થઈને અસાધારણ નમસ્કાર કરે છે, એટલે પોતે પણ સાધક થઈને એ તીર્થંકરોને ગણધરોની શ્રેણીના પ્રવાહમાં ભળે છે.

અહા, ભગવંતો જિતભવ છે; એ જિતભવ જિનવરોને નમસ્કાર કરનારું જ્ઞાન પણ ભવનો નાશ કરનારું છે, જિતભવ છે.

એ ભગવાન અર્હંતોની વાણી દિવ્ય છે, ત્રણ લોકને આનંદકારી, પ્રસન્નકારી, મધુર છે, નિર્મળ છે ને હિતમાર્ગની પ્રકાશક છે. સઘળાય જીવોને નિર્બાધ વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય કહેનારી હોવાથી હિતોપદેશી છે. જુઓ, આ ભગવાનની વાણીનો ઉપદેશ! ઉપદેશમાં ભગવાને શું કહ્યું? કે

વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિનો ઉપાય કહ્યો; આચાર્યદેવ પોતામાં નિર્બાધ વિશુદ્ધ આત્મતત્ત્વની અનુભૂતિ કરીને કહે છે કે અહો, ભગવાનની વાણીએ આવા નિર્બાધ વિશુદ્ધ આત્માના અનુભવની ઉપલબ્ધિનો ઉપાય જગતને ઉપદેશ્યો છે. "તું જ્ઞાનઘન છો, આનંદરૂપ છો, શુદ્ધ છો" એમ આત્માનું સ્વસંવેદન કરવાનો ભગવાનનો ઉપદેશ છે. જુઓ તો ખરા–ભરતક્ષેત્રમાં અત્યારે તીર્થંકરનો વિરહ... પણ તે તીર્થંકરોનો ઉપદેશ કેવો હતો તે વાત કુંદકુંદાચાર્યદેવે સ્પષ્ટ બતાવીને તીર્થંકરના વિરહા ભૂલાવી દીધા છે, ને અમૃતચંદ્રાચાર્યદેવે પણ અલૌકિક ટીકા વડે કુંદકુંદપ્રભુના હૃદયના ગંભીર રહસ્ય ખોલીને ગણધર જેવું કામ કર્યું છે. વાહ! અંદરથી ચૈતન્યનો પાવર ફાટી જાય–એવી ટીકા છે, જરાક અંદર લક્ષમાં લ્યે તો મુમુક્ષુને તો અંદરની દશા ફરી જાય.

કોઈ કહે કે કેવા ભાવે સાંભળવું? –તો કહે છે કે ભાઈ, સાંભળવાના રાગથી આત્માને જરીક મોકળો કરીને સાંભળવું. સમયસારમાં પણ કહે છે કે 'હું સિદ્ધ છું' એવું લક્ષ કરીને સાંભળજે, રાગના લક્ષે સાંભળીશ નહિ, તેની મુખ્યતા કરીશ નહિ. અમારા અને તારા આત્મામાં સિદ્ધોને સ્થાપીને અમે તને શુદ્ધાત્મપ્રાપ્તિની વાત સંભળાવીએ છીએ, તો તેને તારા અંતરમાં સ્થાપીને તું સાંભળજે. રાગને હૃદયમાંથી કાંઢી નાખજે એટલે કે શ્રવણ વગેરે વખતે જે રાગ છે તે રાગ ઉપર તારા લક્ષનું જોર ન દેજે, પણ અંદર તેના વાચ્યભૂત શુદ્ધાત્મા ઉપર તારા લક્ષનું જોર દેજે. –આવા ભાવશ્રવણને અપૂર્વ મંગળ કહ્યું છે.

જુઓ તો ખરા, આ ભગવાનનો ઉપદેશ!! જેનાથી જીવનું હિત થાય એવો જ ભગવાનનો ઉપદેશ છે. શું રાગના ગ્રહણથી જીવનું હિત થાય? ના; રાગથી પાર ચિદાનંદ તત્ત્વ છે, તેની સન્મુખતાથી જ જીવનું હિત થાય છે. જ્ઞાનની નિઃશંકતાના જોરે આચાર્યદેવ કહે છે કે બધાય ભગવંતોએ..... અત્યારસુધીના કાળ પ્રવાહમાં અનંતા તીર્થંકરો થયા ને અત્યારે વિદેહક્ષેત્રમાં બિરાજે છે–તે બધાય તીર્થંકરોએ ચૈતન્યના હિતરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો; ભગવાનનો ઉપદેશ સર્વે જીવોને હિતરૂપ છે, અમૃત જેવો છે. કહ્યું છે કે–

વચનામૃત વીતરાગના પરમશાંતરસમૂળ,
ઔષધ જે ભવરોગનાં કાયરને પ્રતિકૂળ.

ભવરોગને હરનારા એવા જિતભવ–જિનરાજ, તેમની વાણી પણ ભવને હરનારી છે; મિથ્યાત્વરૂપી ઝેરને ઉતારી નાંખીને પરમ અમૃતરૂપ મોક્ષપદને પમાડનારી હોવાથી વાણી પણ અમૃત છે. મોક્ષને 'અમૃત' કહેવાય છે, જ્યાં ફરીને મરણ નથી; મોક્ષદશા પ્રગટી તે પ્રગટી. તે હવે આદિઅનંત અમૃતપણે ટકી રહેશે, તેથી તે અમૃત છે. એવા એવા અમૃતપદની પ્રાપ્તિનો માર્ગ બતાવનારી વીતરાગની વાણીને પણ અમૃત કહેવાય છે. એવી અમૃતવાણી પરમ શાંતરસનું મૂળ છે. ચૈતન્યના અનુભવ–

રૂપ જે પરમ શાંતિ તેનો માર્ગ વીતરાગની વાણી બતાવે છે.

વીતરાગદેવની વાણી સાક્ષાત્ ઝીલીને કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્રોમાં ગૂંથી છે. ભરતક્ષેત્રમાં જન્મ ને વિદેહના ભગવાનના ભેટા... અહા! એની પવિત્રતાની શી વાત? ને એનાં પુણ્યની શી વાત! જેમ તીર્થંકરની પવિત્રતા અને પુણ્ય બંને મોટા, તેમ આચાર્યદેવને પણ પવિત્રતા અને પુણ્ય બંનેનો કોઈ અલૌકિક મેળ થઈ ગયો છે. યાત્રામાં શ્રવણબેલ-ગોલમાં બાહુબલી ભગવાનના દર્શન કર્યાં



ત્યારે જાણે અંદર સાક્ષત્ વીતરાગતા ભરી હોય ને મુદ્રા ઉપર પુણ્યનો અતિશય તરવરતો હોય એવો અદ્ભુત દેખાવ છે. પવિત્રતાનો અને પુણ્યનો જાણે પિંડલો! ચૈતન્યનો મહિમાનો ચિતાર એના સર્વાંગે તરવરે છે. અદ્ભુત દેખાવ છે, વિશ્વની એક અજાયબી છે. અહીં કહે છે કે આવા ચૈતન્યસ્વરૂપને ભગવાનની વાણી દેખાડે છે. ચૈતન્યની પરમ શાંતિનો અનુભવ કેમ થાય તે ભગવાનની વાણીએ બતાવ્યું છે. આ પંચમકાળમાં પણ નિજસ્વરૂપનું પોતાનું કામ સાધનારા મુનિઓ તો ઘણાય થયા; પણ તેની સાથે બહારમાં પણ ભગવાનનો ભેટો કરીને આવો માર્ગ ટકાવી રાખવાનું અલૌકિક કાર્ય કુંદકુંદાચાર્યદેવે કર્યું. આ ભરતક્ષેત્રના ધર્મી જીવો ઉપર તેમનો મોટો ઉપકાર છે.

ભગવાનનો આત્મા તો અલૌકિક ને તેમની વાણી પણ કોઈ અલૌકિક! એમની આત્મ શક્તિની તો શી વાત! પણ તેમના કેવળ જ્ઞાનમાંથી નીકળતી વાણી પણ ચૈતન્યના અલૌકિક રહસ્યોથી ભરેલી છે. ચૈતન્યભગવાન પોતાના સ્વભાવને ઘોળતો ઊભો થયો ને વચ્ચે સાધકભાવમાં રાગથી જે અલૌકિક પુણ્ય બંધાયા તેના ફળમાં તીર્થંકરાદિની એવી અલૌકિક વાણી નીકળે છે કે જે સાંભળતાં મુમુક્ષુને તો અસંખ્યપ્રદેશોના રોમરોમ ઉલ્લસી જાય..... ચૈતન્યના પ્રદેશો ઉલ્લાસથી ખીલી જાય! અહીં આત્મા કેવળજ્ઞાનપણે પૂરો થયો ત્યાં વાણી પણ અસંખ્યપ્રદેશેથી એક સાથે પૂર્ણ રહસ્યને લેતી પ્રગટી, તે વાણી ત્રણ જગતના જીવોને શુદ્ધાત્માની પ્રાપ્તિનો હીતકરમાર્ગ ઉપદેશે છે.

જિનવર ભગવાને તો શુદ્ધાત્મસ્વરૂપની સાધના વડે ભવને જીત્યા, ને એ જિતભવ–જિનરાજની વાણીમાં ભવ્યજીવોને માટે ભવને જીતવાનો માર્ગ નીકળ્યો. વાહ! ચૈતન્ય ખીલે એવી વાત છે. –ખીલવાની જ વાત છે. ભગવાનની વાણી સાંભળતા ભવ્યજીવોનો આત્મા અસંખ્ય પ્રદેશે ખીલી ઊઠે છે. –એ આત્મા પોતે પૂર્ણ પરમાત્મા થઈને ઊભો છે. ત્યાં તેમની વાણીમાં પણ પરમાત્મપદની પ્રાપ્તિનો જ ઉપાય આવે છે. તે સાંભળતાં કોઈને ક્ષપકશ્રેણી ઊપડે છે, કોઈને ચૈતન્યની ક્ષાયકસમકિત થાય છે, –એમ ભગવાનની વાણીના નિમિત્તે ધર્મની ધીકતી ધારા ચાલે છે.

ભગવાનની વાણી કેવી છે? કે મધુર છે... પરમાર્થરસિક જીવોના મનને હરનારી છે... ભગવાનની વાણીમાં ચૈતન્યનો મહિમા ઝળકી રહ્યો છે, તે સાંભળતાં જ પરમાર્થરસિક જીવો મુગ્ધ બની જાય છેઃ વાહ! પ્રભુ! તારી વાણી અલૌકિક ચૈતન્યને પ્રકાશનારી છે. ચૈતન્યના નિર્વિકલ્પ આનંદનો સ્વાદ ચખાડનારી આપની વાણી, તેની મધુરતાની શી વાત! એની મીઠાશની શી વાત! એ વાણીનો નાદ એક વાર પણ જેણે સાંભળ્યો તેનું મન હરાઈ જાય છે, એટલે ચૈતન્ય સિવાય બીજા કોઈ પદાર્થમાં એનું મન લાગતું નથી. આ રીતે ભગવાનની વાણી–જે પરમાર્થરસિક છે, જે શુદ્ધાત્માની શાંતિના રસીલા છે–એવા જીવોના મનને હરનારી છે, વાણી સાંભળતાં તે જીવોનો ઉપયોગ મનથી ખસીને અતીન્દ્રિય આનંદ તરફ ઝૂકી જાય છે. ભગવાનની વાણી ચૈતન્યનું અવલંબન છોડાવે છે, –એ રીતે પણ તે મનોહર છે. સમ્યગ્દ્રષ્ટિ–તીર્યંચથી માંડીને ગણધરાદિ સંતો તે બધાય પરમાર્થરસિક છે, નિર્વિકલ્પ ચૈતન્યસમાધિમાં તે ઝૂલનારા છે.. તેઓ પણ બહુ જ આદરપૂર્વક, ઘણા વિનયપૂર્વક ભગવાનની વાણી સાંભળે છે. ભગવાનની વાણી મનહર મીઠી છે. આપણે ભક્તિમાં પણ ગવાય છે કે–

**જિણંદચંદવાણી, અનુપમ અમી સમી છે,**<br>
**ગુણરત્ન કેરી ખાની બુધમાનસે રમી છે.**<br>
**મીઠાસ જેની જાણી, ગર્વો બધાં ગળે છે,**<br>
**શરમાઈ મીઠી દ્રાક્ષો વનવાસને કરે છે.**

પરમાર્થરસિક જીવોને આવી જ વાણી ગમે, બીજી વાણી ગમે નહિ; ચૈતન્યના અનુભવના વીતરાગરસને ઘોળાવનારી વાણી સિવાય બીજી વાત મુમુક્ષુને ગોઠે નહિ. ભગવાનની વાણીની મીઠાસ પાસે મીઠા દ્રાક્ષના વેલા શરમાઈને વનમાં ચાલ્યા ગયા.... કે અરે! ભગવાનની વીતરાગીવાણીની મીઠાસ પાસે અમારી મીઠાસની શી કિંમત!! –ગણધરો પણ જે સાંભળતા વીતરાગરસમાં ઝૂલી ઊઠે... એ વાણીની મધુરતાની શી વાત!! જુઓને, આ કુંદકુંદાચાર્યની વાણી પણ કેવી મધુર છે! તે કેવી હિતોપદેશી છે! આમ જાણે શુદ્ધાત્માને સામે ખડો કરીને સાક્ષાત્કાર કરાવે છે. એમણે તો ભગવાનની વાણી સાક્ષાત્ સાંભળી છે ને!! એટલે તેમની વાણીમાં પણ એના રણકાર છે. આવી વીતરાગી વાણી દ્વારા મુમુક્ષુઓ ચૈતન્યને સાધે છે, વીરપણે વીતરાગમાર્ગને સાધે છે,

તેઓ જ અભિનંદનય છે. ભલેને સ્ત્રીના શરીરમાં હોય, પણ જે આત્મા આવા ચૈતન્યના રસીલા છે એવા ધર્માત્મા અભિનંદનીય છે.

જિતભવ ભગવાનની વાણી ઝીલીને તેઓ નિર્બાધપણે વીરતાથી મોક્ષમાર્ગને સાધે છે ને ભવને જીતીને ભગવાન થાય છે.

**‘ण मो जि णा णं. . . . जि द भ वा णं ’**

પ્રવચનમાં ચૈતન્યદર્શક વીતરાગવાણીનો આવો અદ્‌ભુત મહિમા સાંભળતા વીરમાર્ગસાધક જીવોના જયનાદથી શ્રોતાજનોની સભા ગૂંજી ઊઠી–

જૈનશાસનશિરોમણી, દિવ્યધ્વનિના શ્રોતા કુંદકુંદાચાર્યદેવનો..... જય હો.

દિવ્યધ્વનિના રહસ્ય ખોલનાર અમૃતરસપાનાર ગુરુદેવની વાણીનો... જય હો.

કુંદકુંદાચાર્યદેવના સુપુત્ર શાસનસ્તંભ ગુરુદેવનો જય... હો

**માગસર વદ ૮ના આ પ્રવચનના અંતમાં, પરમાર્થરસિક જીવો કેવા હોય? વીરમાર્ગને સાધવા નીકળ્યા તેમનો પુરુષાર્થ કેવો હોય? તેમને રાગની રુચિ ન હોય, –એ સંબંધી એક રજપૂતનું સુંદર શૌર્યપ્રેરક દ્રષ્ટાંત આપ્યું હતું......તે આ અંકમાં આપ હમણાં જોશો.–**

## અંતરના પરિણામ

જે સાધનો બતાવે તે તરવાના સાધનો હોય તો જ ખરાં સાધન; બાકી નિષ્ફળ સાધન છે. વ્યવહારમાં અનંતા ભાંગા ઊઠે છે તો કેમ પાર આવે? કોઈ માણસ ઉતાવળથી બોલે તેને કષાય કહેવાય, કોઈ ધીરજથી બોલે તેને શાંતિ દેખાય; પણ અંતર્‌પરિણામ હોય તો જ શાંતિ કહેવાય.

( શ્રીમદ્ રાજચંદ્ર: ઉપદેશછાયા: ૮ )

# અનુભવના અભ્યાસની પ્રેરણા

દેહથી ભિન્ન, કર્મથી ભિન્ન, ચૈતન્યસ્વરૂપી આત્મા શું ચીજ છે તેની જેને ખબર નથી એવા અજ્ઞાનીઓ બીજી રીતે આત્માનું સ્વરૂપ માને છે. એવા જીવોને કોમળતાથી સમજાવે છે કે–

અરે જીવો! આ ચૈતન્યતત્ત્વ અંતરમાં સ્વસંવેદન વડે જ્ઞાનીઓને અનુભવગમ્ય છે, યુક્તિથી ને આગમથી પણ તે સિદ્ધ થાય છે. હે ભવ્ય! હે આત્માના શોધક! બીજા નકામા કોલાહલથી તું વિરક્ત થા..... અને અંતરમાં જ્ઞાનસ્વરૂપી આત્મા દેહથી જુદો છે તેને અનુભવવા માટે એકધારો છ મહિના પ્રયત્ન કર, અંતરંગમાં ભેદજ્ઞાનનો અભ્યાસ કર. નિશ્ચલપણે લગનીપૂર્વક અંતરમાં અભ્યાસ કર. એમ કરવાથી તને તારામાં તને તારા અંતરમાં જ ભિન્ન ચૈતન્યતત્ત્વ અનુભવમાં આવશે. અરે જીવ! તું નિશ્ચયપણે અભ્યાસ કર તો છ મહિનામાં જરૂર તને આત્મપ્રાપ્તિ થાય. છ મહિના સુધી આત્માની લગનીમાં લાગ્યો રહે ને તેમાં ભંગ પડવા ન દે તો નિર્મળઅનુભૂતિ થયા વગર રહે નહીં. એક શરત છે કે બીજો કોલાહલ છોડીને પ્રયત્ન કરવો. અરે, મારું ચૈતન્યતત્ત્વ શું છે? એમ અંતરમાં કુતૂહલ કરીને, તેની સન્મુખ થઈને અભ્યાસ કર. છ મહિના તો વધુમાં વધુ ટાઈમ આપ્યો છે, કોઈને ટૂંકા કાળમાં પણ થઈ જાય. પરિણામમાં એવો તીવ્ર રસ છે કે આત્માના અનુભવના અભ્યાસની ધારાને તોડતો નથી. શરીરનું–કુટુંબનું શું થશે એવા વિકલ્પના કોલાહલને મુક એક કોર, ને ચૈતન્યસ્વભાવના મહિમાનું ઘોલન કર. અંતર્મુખ થવાનો પ્રયત્ન છ મહિના કર, ને બહિર્મુખની ચિંતા છોડ. તું બહારની ચિંતા કર તોપણ તેનું જે થવાનું તે થવાનું છે, ને તું ચિંતા ન કર તોપણ તેનું કાંઈ અટકી જવાનું નથી. માટે તું તેની ચિંતા છોડીને એકવાર તો સતતપણે તારા આત્માના પ્રયત્નમાં લાગ.... છ મહિના તો ચૈતન્યના ચિંતનમાં તારા ઉપયોગને જોડ. આવા ધારાવાહી પ્રયત્નથી જરૂર તને આનંદસહિત તારા અંતરમાં આત્માનો અનુભવ થશે.

અહા, જુઓ તો ખરા! આચાર્યદેવ કેવી કોમળતાથી સમજાવ્યું છે; આત્માના અનુભવની કેવી પ્રેરણા આપી છે! ભાઈ, તારી વસ્તુ તારા અંતરમાં છે, તેની સન્મુખ પ્રયત્ન કરતાં તે પ્રાપ્ત થયા વગર રહે નહીં.

બહારના અનંતકાળના પ્રયાસે કાંઈ હાથ ન આવ્યું. એક રજકણ પણ તેનો થયો નથી

છતાં તેમાં લાગ્યો રહે છે, તે મોટી દરિયા ભરાય એવડી–મૂર્ખાઈ છે અને જો અંતરમાં ચૈતન્યની પ્રાપ્તિનો પ્રયત્ન કરે તો અંતર્મુહૂર્તમાં તેની પ્રાપ્તિ થાય ને સાદિઅનંતકાળનું સુખ પ્રાપ્ત થાય. સ્વરૂપના અભ્યાસવડે સ્વરૂપની પ્રાપ્તિ જરૂર થાય છે. પરની પ્રાપ્તિ તો ન થાય પણ પોતાની વસ્તુ તો પોતામાં મોજૂદ છે, જો ચેતીને–જાગૃત થઈને જુએ તો પોતાનું સ્વરૂપ પોતાના વેદનમાં આવે છે. પોતાનું સ્વરૂપ કાંઈ પોતાથી દૂર નથી, અંતમુખ થતાં પોતે જ જ્ઞાન આનંદસ્વરૂપ છે–એમ અનુભવમાં આવે છે. ઉત્કૃષ્ટ પ્રયત્ન કરે તો એક અંતમુહૂર્તમાં જ અજ્ઞાનનો પડદો તોડી નાંખીને સ્વસ્વરૂપનો અનુભવ થાય છે. પણ શિષ્યને બહુ કઠણ લાગતું હોય તો તેને વધુમાં વધુ છ મહિના લાગવાનું કહ્યું છે; નિષ્પ્રયોજન કોલાહલ છોડીને સ્વરૂપના પ્રયત્નમાં લાગવાથી તત્કાળ તેની પ્રાપ્તિ થાય છે. પામનારા અંતર્મુહર્તમાં પામ્યા છે; અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પણ થાય છે, તો પછી સમ્યગ્દર્શન તો સુગમ છે. પણ તે માટે અંતર્મુખ પ્રયત્ન જોઈએ. નજરની આળસે પોતે પોતાના સ્વરૂપને દેખતો નથી, –પણ છે તો અંતરમાં જ. માટે હે ભવ્ય! બીજો બધો કોલાહલ છોડીને એક ચિદાનંદતત્ત્વની પ્રાપ્તિના પ્રયત્નમાં તારા ઉપયોગને જોડ–જેથી તુરતમાં જ તને તારો આત્મા અનુભવમાં આવશે. આ રીતે સંતોએ કરુણાપૂર્વક અનુભવના અભ્યાસની પ્રેરણા આપી છે.

## પહેલું કામ

આટલું કામ પતી જાય પછી આત્માનું કરશું, હમણાં આ કામ છે ને તે કામ છે–એવું બહાનું જીવ કાઢયા જ કરે છે. પરંતુ, જીંદગીમાં કાંઈ પણ કામકાજ ન હોય–એવો કોઈ દિવસબબબ આવશે ખરો? રાહ જોઈને બેસી રહેવાથી તો નિવૃત્તિ કદી મળે જ નહિ, ને જીંદગીના કિંમતીમાં કિમતી દિવસો આમને આમ વેડફાઈ જાય છે–પાણીના પૂરની જેમ. માટે–

“સૌથી પહેલો આત્મા.... ને બીજાું બધુંય પછી.”

# જ્ઞાનીની અંતર્દ્રષ્ટિનો મહિમા

જે ક્રિયાના સંયોગમાં અજ્ઞાનીને બંધન થાય છે તે જ ક્રિયાના સંયોગમાં જ્ઞાનીને નિર્જરા થાય છે.... એનું કારણ? જ્ઞાનીના અંતરમાં જે અચિંત્ય ભેદજ્ઞાનપરિણતિ વર્તી રહી છે–તે જ નિર્જરાનું કારણ છે, તેનો અચિંત્ય મહિમા આચાર્યદેવે નિર્જરા–અધિકારમાં સમજાવ્યો છે.

જ્યાં શુદ્ધ ચૈતન્યસ્વભાવ આત્મા અને રાગાદિ આસ્રવો વચ્ચેના ભેદજ્ઞાનરૂપ સંવર હોય ત્યાં જ નિર્જરા હોય છે. ભેદજ્ઞાનવગર નિર્જરા હોતી નથી. જેને જુદું કરવાનું છે તેને પોતાથી જુદું જાણ્યા વિના જુદા કરવાની ક્રિયા કઈ રીતે કરશે? ભગવાન આત્માની ખ્યાતિ–પ્રસિદ્ધિ રાગવડે નથી, ચૈતન્યભાવવડે જ ભગવાન આત્માથી પ્રસિદ્ધિ છે. ભેદજ્ઞાનવડે ભગવાન આત્માને ચૈતન્યભાવે જેણે પ્રસિદ્ધ કર્યો છે–એવા ધર્માત્માને ચૈતન્યધામમાં લીનતાવડે નિર્જરા થાય છે. રાગ ને જ્ઞાનની ભિન્નતાને બદલે, રાગને લાભનું કારણ જે માને તેને અશુદ્ધતા અટકે નહીં ને નિર્જરા થાય નહિ. રાગમાં એકતા તે મોટી અશુદ્ધતા છે, તે છૂટયા વગર શુદ્ધતા કે સંવર નિર્જરા થાય નહીં.

ધર્માત્માની પરિણતિ શુદ્ધાત્માના આશ્રયે રાગથી જુદી જ પરિણમે છે; એટલે પૂર્વ કર્મના ઉદયો તેને નિર્જરતા જ જાય છે. ઉદયના કાળે તે ઉદયમાં તન્મય નથી વર્તતો પણ ચૈતન્યરસમાં તરબોળ વર્તે છે, એટલે બાહ્ય ઉદય તેને બંધનું કારણ થયા વિના નિર્જરતો જ જાય છે. ધર્મીજીવને બહારમાં પુણ્યનો ઉદય ન હોય–એમ નથી; ઉદય ભલે હો, પણ તે ઉદયના કાળે ધર્મીને ભેદ જ્ઞાનના બળે જ્ઞાનપરિણતિમાં રાગનો અભાવ જ છે, તેથી તેની તે પરિણતિના બળે તેને નિર્જરા જ થતી જાય છે. અહો, આ સમ્યક્શ્રદ્ધાનું બળ છે. સમ્યક્શ્રદ્ધાની શક્તિથી રાગના એક અંશમાત્રને પણ ધર્મીજીવ પોતાના ચૈતન્યભાવમાં સ્વીકારતો નથી; મારો આત્મા તો ચૈતન્યનો સાગર છે. આવા સ્વભાવની દ્રષ્ટિમાં ધર્મીજીવને આખા જગત પ્રત્યે વૈરાગ્ય વર્તે છે. તેને બાહ્યસંયોગમાં ચેતન–અચેતન દ્રવ્યનો ઉપભોગ દેખાય તો પણ તેની અંતર્દ્રષ્ટિના બળે તેને નિર્જરા થાય છે. અજ્ઞાનીને મિથ્યાદ્રષ્ટિને લીધે રાગમાં એકતાબુદ્ધિના સદ્ભાવથી જે બંધનું નિમિત્ત થાય છે, તે જ સંયોગ જ્ઞાનીને

નિર્દોષ દ્રષ્ટિને લીધે–રાગમાં એકતાબુદ્ધિના અભાવથી નિર્જરાનું જ નિમિત્ત થાય છે. એક જ્ઞાની લીલોતરી ખાતા હોય ને એક અજ્ઞાની લીલોતરી ખાતા હોય–તે વખતે તેમાં જ્ઞાનીને તો નિર્જરા થતી જાય છે ને અજ્ઞાનીને બંધન થતું જાય છે. –શું કારણ? કે અંતરની દ્રષ્ટિ ક્યાં પડી છે તેની વાત મુખ્ય છે. જ્ઞાનીને આખા જગતના રાગમાંથી દ્રષ્ટિ ઊડી ગઈ છે ને ચૈતન્યસ્વભાવમાં જ દ્રષ્ટિ થઈ છે, તે દ્રષ્ટિમાં રાગના અંશનું પણ સ્વામીત્વ નથી, ત્યાં બાહ્યપદાર્થની શી વાત? આવી દ્રષ્ટિ તે જ નિર્જરાનું કારણ છે અને અજ્ઞાની ચૈતન્યને ચૂકીને આખા જગતના રાગનો ને સંયોગને ચૂકીને આખા જગતના રોગોનો ને સંયોગનો સ્વામી થઈને મિથ્યાભાવમાં વર્તે છે; તે મિથ્યાભાવ જ બંધનું કારણ છે.

અહીં ધ્યાન રાખવું કે બાહ્યવસ્તુનો ઉપભોગ તે કાંઈ ધર્મીને નિર્જરાનું કારણ નથી બતાવવું; પણ તે ઉપભોગના કાળે જ્ઞાનીના અંતરમાં જે અચિંત્ય ભેદજ્ઞાન પરિણતિ વર્તી રહી છે તે નિર્જરાનું કારણ છે. અજ્ઞાની બહારથી ત્યાગી થઈને બેસે તોપણ અંતરમાં ભેદજ્ઞાનના લીધે, રાગમાં જ તેની પરિણતિ વર્તતી હોવાથી તેને બંધન જ થાય છે. અંતરની દ્રષ્ટિને ઓળખ્યા વગર આ વાત સમજાય તેવી નથી. અહો, જ્ઞાનીની શ્રદ્ધાશક્તિનું કોઈ અચિંત્ય જોર છે... કે તે શક્તિને લીધે તેને અશુભ વખતે પણ નિર્જરા થયા કરે છે. જુઓ, અસમ્યક્ત્વનું મહાત્મ્ય!!–કે જેના સામર્થ્યથી ઉપભોગના કાળે પણ નિર્જરા જ થયા કરે છે. જ્ઞાનીની અંતરપરિણતિનો આ અચિંત્ય મહિમા છે. આત્માના આનંદનો ભોગવટો જ્યાં પ્રગટયો ત્યાં રાગાદિના કે બાહ્યપદાર્થોના ભોગવટામાંથી દ્રષ્ટિ જ ઊડી ગઈ, રાગાદિના એક અંશનો પણ ભોગવટો ધર્મીની દ્રષ્ટિમાં નથી. એ દ્રષ્ટિનું રહસ્ય બહારથી સમજાય તેવું નથી. જેટલો અશુભ રાગ છે તેટલું બંધન છે, પણ તે ઘણું અલ્પ છે, તે બંધનના કાળે પણ સમ્યકત્વની શક્તિથી અનંતગણી નિર્જરા થયા કરે છે; માટે ધર્મીને નિર્જરાની જ મુખ્યતા છે. જે અલ્પબંધન છે તેનું સ્વામીત્વ તેને નથી.

સમ્યગ્દ્રષ્ટિ ‘જ્ઞાની’ છે ને જ્ઞાનીને રાગદ્વેષ–મોહનો અભાવ છે, માટે તે ‘વિતરાગી’ છે. કોઈપણ પ્રસંગે મિથ્યાત્વસંબંધી રાગ જ્ઞાનીને જરા પણ થતો નથી; એટલે ગમે તે પ્રસંગમાં પણ તેને મિથ્યાત્વસંબંધી બંધન તો જરાપણ થતુ જ નથી. ભિન્ન ચૈતન્યનું જ્યાં ભાન થયું, ત્યાં પરિણતિ રાગથી પણ જુદી પડી, સ્વભાવ અને વિભાવની ધારા જુદી પડી, ત્યાં સ્વભાવધારા બંધનનું કારણ કેમ હોય? જ્ઞાનીને સ્વભાવધારા સતત્ ચાલી જાય છે, તેના બળે નિર્જરા જ થાય છે. ક્યાં જ્ઞાની? ચોથા ગુણસ્થાને રહેલા ગૃહસ્થ ધર્માત્મા જ્ઞાન છે, તેને પણ આવી દશા હોય છે. આ કોઈ ધ્યાનમાં બેઠેલા મોટામોટા મુનિઓની જ વાત નથી, પરંતુ સમ્યગ્દ્રષ્ટિ અવિરત ગૃહસ્થ હોય, સ્ત્રી

હોય કે તિર્યંચ હોય, તેની પણ આવી અંતર્દશા હોય છે, ને તેને ચેતન–અચેતનના ઉપભોગના કાળે પણ નિર્જરા જ થયા કરે છે, અને તે વૈરાગી છે. અજ્ઞાની ઉપરટપકે જુએ છે, જ્ઞાની અંતરના આંતરા ભાળે છે. જ્ઞાની સામગ્રી ભોગવે છે–એમ અજ્ઞાની દેખે છે, અરે, જ્ઞાની તો જ્ઞાનધારારૂપે પરિણમતો થકો ને રાગથી વિરકત જ રહેતો થકો, તે કાળે કર્મોની નિર્જરા જ કરે છે. [ સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ વચ્ચે અનંતગણો આંતરો છે. અજ્ઞાની બહારથી વૈરાગી દેખાતો હોય તો પણ અંતરમાં રાગની રુચિના અભિપ્રાયથી તે અનંતરાગથી રંગાયેલો છે ને કર્મોને બાંધે છે, તેણે જરા પણ રાગ છોડયો એમ જ્ઞાની કહેતા નથી. અને સમ્યગ્દ્રષ્ટિને કદાચ એવા ઠાઠવૈભવ હોય કે અજ્ઞાની પાસે હોયે નહિ–છતાં સમ્યગ્દ્રષ્ટિ પરમ વૈરાગી છે, તે વૈરાગ્ય દશાને સ્થૂલ અજ્ઞાનીઓ ઓળખી શકતા નથી. ]

ભરતચક્રવર્તી છ ખંડ સાધવા ગયા છે, ૬૦, ૦૦૦ વર્ષ થઈ ગયા છે, યશસ્વતીમાતાને એમ થાય છે કે અરે, ૬૦, ૦૦૦ વર્ષથી પુત્રનું મુખ જોયું નથી, એટલે ત્યાં જઈને ભરતને જોવાનું મન થાય છે. વિમાનમાં બેસીને ત્યાં જાય છે; ને માતાજીને દેખતાં જ આનંદ અને આશ્ચર્યથી ૯૬ કરોડ માણસોના લશ્કરમાં કોલાહલ થઈ જાય છે કે માતાજી પધાર્યા !! .... માતાજી પધાર્યા !! કોલાહલ સાંભળીને ભરતને થાય છે કે અરે, વળી શું થયું ? શેનો છે આ કોલાહલ !! એમ કહીને તલવાર કાઢીને તૈયાર થાય છે. પછી જ્યાં ખબર પડી કે અહો, માતાજી પધાર્યા છે !! તરત જ વિનયથી સામે જઈને બહુમાન કરે છે ને ભક્તિપૂર્વક માતાની આરતિ ઉતારે છે. માતા ‘ના ના’ કરે છે પણ ભરત કહે છે કે માતા ! બોલશો નહીં, અમે આપના દિકરા છીએ... આપની પાસે બાળક છીએ... જુંઓ, આ છ ખંડનો ચક્રવર્તી ! જેના વૈભવનો પાર નહીં, છતાં દ્રષ્ટિમાં એક ચિદાનંદસ્વભાવ સિવાય બીજે ક્યાંય અંશમાત્ર સ્વામીપણું નથી, આખા જગતથી વિરક્ત છે. માતા પણ ધર્માત્મા છે. ચક્રવર્તી આરતી ઊતારે છે પણ અંદર ભિન્નતાનું ભાન છે. અમારી મહત્તા અમારા ચૈતન્યમાં છે–આવા સમ્યક્ભાનમાં ધર્માત્માને નિર્જરા જ થયા કરે છે. ભેદજ્ઞાન વડે જે વીતરાગીદ્રષ્ટિ પ્રગટી છે–તેનો આ મહિમા છે.

( સ૦ ગા૦ ૧૯૩ ઉપરના પ્રવચનમાંથી )

# જ્ઞાની નિષ્પરિગ્રહી છે

## ( ભેદજ્ઞાન વગર પરિગ્રહ છૂટે જ નહિ )

( સમયસાર નિર્જરાઅધિકારના પ્રવચનમાંથી )

સ્વ–પરના યથાર્થ ભેદજ્ઞાનવડે જેણે જ્ઞાનનો અનુભવ કર્યો છે એવા જ્ઞાની ધર્માત્માએ પોતાના જ્ઞાનમયભાવમાંથી સમસ્ત પરિગ્રહને છોડયો છે. જ્ઞાનના જ સ્વામીત્વપણે પરિણમતા જ્ઞાની અન્ય સમસ્ત પરિગ્રહને જરાપણ ગ્રહતા નથી. પરદ્રવ્ય છેદાઓ અથવા ભેદાઓ, અથવા તેને કોઈ લઈ જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું. કારણ કે હું તો જ્ઞાનમય જ છું. જ્ઞાનથી ભિન્ન કોઈ પરદ્રવ્ય મારું સ્વ નથી, હું પરદ્રવ્યનો સ્વામી નથી; આમ જ્ઞાની જાણે છે; તેથી જ્ઞાનના જ સ્વામીત્વપણે પરિણમતા તે અન્ય કોઈપણ પરિગ્રહને કિંચિત ગ્રહતા નથી.

આહાર કરતા હોય, તે તરફની ઇચ્છા હોય, છતાં જ્ઞાની અનીચ્છક જ છે; કેમકે તે ઇચ્છાના કાળે જ્ઞાનીને તે ઇચ્છા સાથે જ્ઞાનની એકતારૂપ પરિણમન થતું નથી, પણ ઇચ્છાથી ભિન્ન જ્ઞાનરૂપ પરિણમન જ થાય છે; તેથી જ્ઞાનીને તો જ્ઞાનમયભાવપણું જ છે, તે ઇચ્છા–મય નથી માટે અનીચ્છક જ છે. ઇચ્છા કે બાહ્ય વસ્તુનો પરિગ્રહ જ્ઞાનીને નથી; આ ઇચ્છા તે મારા જ્ઞાન સાથે એકમેક છે એવી પક્કડ–પરિગ્રહ જ્ઞાનીને નથી.

જ્ઞાન સિવાય જગતના કોઈ વિષયની કે વિકલ્પની પક્કડ ધર્માત્માજ્ઞાનીને નથી. યથાર્થ ભેદજ્ઞાન વગર પરિગ્રહની પક્કડ કદી છૂટે જ નહિ. જ્યાં યથાર્થ ભેદજ્ઞાન થયું ત્યાં જગતના સર્વ પરિગ્રહની પક્કડ જ્ઞાનીની દ્રષ્ટિમાંથી છૂટી ગઈ. એક શુભવિકલ્પનો પણ સ્વામી થઈને જે પરિણમે છે, તે વિકલ્પને કિંચિત્ લાભરૂપ માને છે, તે જીવની મિથ્યાબુદ્ધિમાં ત્રણ કાળ ત્રણલોકના પરિગ્રહની પક્કડ છે. જ્ઞાનીધર્માત્મા જાણે છે કે અરે, અમે તો ચૈતન્યઆહારી–ચૈતન્યવિહારી; અમારા ચૈતન્યભાવમાં વિકલ્પનો ભોગવટો પણ નથી, તો બહારની વસ્તુની વાત તો ક્યાં રહી ?

કુંદકુંદાચાર્ય જેવા મહા સમર્થ સંત મુનિ,

તે ક્યારેક આહાર માટે જતા હોય, છતાં ત્યારે પણ તેમનો આત્મા આહારનો અનીચ્છક જ છે, આહારની જે ઇચ્છા–તેનાથી જાુદો જ તેમનો આત્મા તે વખતે જ્ઞાનમયભાવે પરિણમે છે. સમકિતી અવિરતી હોય તેને પણ એમ જ છે.

અહા, સંત મુનિ ધર્માત્મા, મોક્ષના સાધક, ઉપશાંત વનજંગલમાં મુનિવરોના સમૂહ વચ્ચે બિરાજતા હોય, જેમની શાંતમુદ્રા વચનદાન વગર જ (મૌનપણે જ) મોક્ષમાર્ગ દર્શાવી રહી હોય! એવા મુનિ પાસે જઈને વિનયપૂર્વક કોઈ નિકટભવ્ય જીવ મોક્ષનો ઉપાય પૂછે છે, ને તેને “સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ” એમ કહીને આચાર્યદેવ મોક્ષનો માર્ગ બતાવે છે. એનું સરસ વર્ણન સર્વાર્થ સિદ્ધિની ઉત્થાનિકામાં પૂજ્યપાદ સ્વામીએ કર્યું છે. વાહ! મુનિ તો મોક્ષનું સ્થાન છે... તે પોતે જ મોક્ષમાર્ગ છે. ધ્યાનમાં બેઠેલા એ મુનિ વગરબોલ્યે પણ મોક્ષનો ઉપદેશ આપે છે. એ મુનિ પોતે જ મોક્ષનો માર્ગ

સાક્ષત્ છે, એ મૂર્તિમાન મોક્ષમાર્ગને જોતાં ને ઓળખતાં પાત્ર જીવને ખ્યાલમાં આવી જાય કે વાહ! મોક્ષમાર્ગ આવો હોય! આમ મુનિરાજ વગર બોલ્યે મોક્ષમાર્ગનું પ્રદર્શન કરી રહ્યા છે... નિર્ગ્રંથ મહાત્માઓની મુદ્રા મોક્ષમાર્ગની સમ્યક્પ્રતીતિ કરાવે છે.

અહા, આવા મુનિવરો ચૈતન્યરસમાં ઝૂલતા હોય છે; સ્વરૂપના અનુભવમાંથી બહાર આવીને આહારની વૃત્તિ ઊઠે તેને પણ મુનિવરો નિશ્ચય પ્રત્યાખ્યાનનો ભંગ સમજે છે, અપરાધ સમજે છે. કેમકે મુનિદશા વખતે સ્વરૂપમાં લીન થવાની જ ભાવના હતી, ચૌવિધ આહારનું પ્રત્યાખ્યાન હતું, તેને બદલે આહારાદિની વૃત્તિ ઉઠી તેટલો પ્રત્યાખ્યાનનો ભંગ થયો;, એટલે સમાધિ મરણ ટાણે મુનિ તેનું પ્રતિક્રમણ કરીને સ્વરૂપમાં ઠરવા માંગે છે. આ સંબંધી સુંદર વર્ણન શ્રી જયધવલાના પહેલાં ભાગમાં છે.

અહા, મુનિદશા શું છે, –અરે, સમકિતી ગૃહસ્થની દશા શું છે તેની પણ લોકોને ખબર નથી. એનું આખું પરિણમન પલટી ગયું છે. બહારથી તો ગૃહસ્થ કે મુનિ આહારાદિ ક્રિયામાં પ્રવર્તતા દેખાય છે, તે સંબંધી ઇચ્છા કરતા દેખાય છે, પણ અંદરમાં તે આહારની ક્રિયાથી ને ઇચ્છાની ક્રિયાથી પણ જાુદો જ્ઞાનનો પ્રવાહ ચાલી રહ્યો. તે જ્ઞાનધારા અજ્ઞાનીને દેખાતી નથી. વિકલ્પથી છૂટી પડેલી જ્ઞાનધારા મોક્ષ તરફ ચાલી જાય છે. વિકલ્પ આવે તેને જાુદો જાણીને જ્ઞાની નિર્જરાવતો જાય છે એટલે તે વિકલ્પનો જ્ઞાયક જ છે.

ધર્મી જીવે આત્માના નિર્વિકલ્પ ચૈતન્યરસનો સ્વાદ ચાખ્યો છે, તે સ્વાદની મીઠાસ પાસે સર્વે પરભાવોની મીઠાસ છૂટી ગઈ છે. એટલે તે કોઈ પણ પરભાવને ઇચ્છતો નથી, તેમજ બહારમાં અશન–પાન વગેરે કોઈ પણ પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિની ઇચ્છા તેને નથી.

સમસ્ત શુભ–અશુભ ભાવોથી, તેમજ

સંયોગોથી ભિન્ન પોતાના જ્ઞાનાનંદ ભાવને જાણતા ધર્માત્મા પોતાના ચૈતન્યથી ભિન્ન સમસ્ત પરભાવો પ્રત્યે અવલંબન રહિત છે; મને મારા ચૈતન્યનું જ અવલંબન છે. એ સિવાય જગતમાં કોઈનું અવલંબન મને નથી. –આમ એકલા જ્ઞાયકભાવના જ અવલંબને ધર્મી જ્ઞાનભાવપણે જ પરિણમે છે, તેથી તે જ્ઞાયક જ છે, તે રાગી–દ્વેષી નથી. રાગદ્વેષની વૃત્તિ થાય તેના અવલંબનની બુદ્ધિ નથી, તેને સ્વભાવથી ભિન્ન જાણીને તેનું અવલંબન છોડે છે. આ રીતે ધર્મીને અત્યંત નિષ્પરિગ્રહીપણું છે.

આત્મા પવિત્ર આનંદનું ધામ છે. એ નિજનિધાનનું ધર્મીને ભાન છે; તે ચૈતન્યનિધાનની ભાવનામાં રત ધર્માત્માને પૂર્વ કર્મનો ઉદય હોય તો પણ તેઉદયના કાળે તેને રાગનો વિયોગ હોવાથી તે પૂર્વ કર્મ નિર્જરી જ જાય છે. સ્વભાવ સાથે સંબંધ થયો છે ને રાગનો વિયોગ થયો છે તેથી રાગના અભાવમાં પૂર્વકર્મ પણ નિર્જરી જ જાય છે.

સંયોગમાં અનુકૂળતા હો કે પ્રતિકૂળતા હો પણ ધર્મીને તે સંયોગની પક્કડ નથી. પ્રતિકૂળતા વખતે પણ તેનું જ્ઞાન ઘેરાઈ જતું નથી, તે છૂટું જ રહે છે. એટલે તે વખતે ય તેને નિર્જરા ચાલુ જ છે; તેણે આખા ચૈતન્ય ગોળાને જુદો પાડયો છે, તે ચૈતન્યગોળામાં પરભાવને કે કર્મને જરાપણ પ્રવેશવા દેતો નથી. અનુકૂળતાના ગંજ હોય તો પણ જ્ઞાની તેમાં લેપાતા નથી, જ્ઞાનને છૂટું જ રાખે છે. આવી જ્ઞાનદશા અજ્ઞાનીઓના ખ્યાલમાં આવતી નથી. સંયોગથી ને રાગદ્વેષથી છૂટું પડયું ને જ્ઞાન જગતના ત્રણકાળ સંબંધી પરિગ્રહની પક્કડ છોડી તે જ્ઞાનની મહત્તા અચિંત્ય છે, તેની તેને ખબર નથી. જ્ઞાનીઓ સ્વભાવ–અવલંબન વડે પોતાના આત્માને રાગથી દૂર ખસેડયો છે. તે હવે રાગને જરાપણ વાંછતો નથી; જ્યાં રાગને વાંછતો નથી ત્યાં બાહ્ય પરિગ્રહને કેમ વાંછે? માટે જ્ઞાની સમસ્ત પરિગ્રહથી રહિત છે. વર્તમાન સ્વસન્મુખ પરિણમેલા જ્ઞાનમાં ત્રણેકાળના પરિગ્રહનો અભાવ છે. ને રાગમાં જેને એકતાબુદ્ધિ છે એવા અજ્ઞાનીને ત્રણે–કાળના પરિગ્રહની પક્કડ છે, રાગના એક કણિયાને જે વાંછે તે ત્રણકાળના સર્વ પરિગ્રહને વાંછે છે. આ રીતે ભેદજ્ઞાન વગર પરિગ્રહ છૂટે જ નહીં. ભેદજ્ઞાની જીવ, ચક્રવર્તીના વૈભવ વચ્ચે પણ ખરેખર નિષ્પરીગ્રહી છે. અહો, જ્ઞાનીની પરિણતિ સહજ વૈરાગ્યરૂપ છે, તેના જ્ઞાન–વૈરાગ્યની કોઈ અચિંત્ય શક્તિ છે; તેને લીધે કોઈ પણ સંયોગોમાં તે લેપાતા નથી.

# ધર્મના જિજ્ઞાસુને ધર્માત્માના બહુમાનનો ભાવ કેવો હોય તેનું સુંદર વર્ણન

ધર્માત્મા સંત–મુનિ કે ગૃહસ્થપણે રહેલા ધર્માત્મા સમ્યગ્દ્રષ્ટિ પ્રત્યે ધર્મના પ્રેમી જીવને વિનય બહુમાનનો ભાવ કેવો હોય, ને તે ધર્માત્માઓના અંતરમાં ચૈતન્યની કેવી ઓળખાણ હોય, –તેના લક્ષપૂર્વક દાનાદિનો કેવો ઉલ્લાસભાવ આવે તેનું સુંદર વર્ણન એકવાર ગુરુદેવે કર્યું હતું આત્માનું પૂર્ણાનંદ સ્વરૂપ સમજીને તે જેને પ્રાપ્ત કરવું છે એવા જિજ્ઞાસુને નિમિત્ત તરીકે ધર્મના દાતાર–આનંદના દાતાર એવા ધર્માત્મા પ્રત્યે ભક્તિભાવ આવે છે, ધર્માત્માને જોતા જ તેના રોમેરોમમાં પ્રમોદ જાગે છે કે અહા, આત્માને અનુભવનારા આ ધર્માત્માઓને માટે હું મારા તન–મન–ધન અર્પણ કરું તે સફળ છે. સંસારના ભોગોપભોગ પાછળ લક્ષ્મી ખરચાય તે તો પાપબંધનું કારણ છે, ને ધર્માત્મા દેવ–ગુરુ–ધર્મને માટે લક્ષ્મી વગેરે અર્પણ કરવાની ભાવનામાં તો પોતાનો ધર્મપ્રેમ પોષાય છે.

ચિદાનંદ સર્વ રાગથી રહિત છે, તેને જે સાધવા માગે છે તેને રાગની મંદતા તો સહેજે થાયજ. ધર્માત્મા જીવ ચિદાનંદતત્ત્વને સાધી રહ્યા છે. તેમની ઓળખાણ પણ જગતને દુર્લભ છે. જેમ કોઈ કુશળ પુરુષ નાટકમાં સ્ત્રીનો વેષ ધારણ કરીને એવી ચેષ્ટા કરે કે જોનારા જીવો તેને ખરેખર સ્ત્રી સમજીને વિકારી થઈ જતા હોય... પરંતુ ત્યાં નાટક કરનાર પોતે તો નિઃશંક સમજે છે કે હું કાંઈ સ્ત્રી નથી, હું તો પુરુષ છું, સ્ત્રીના કપડાં પહેર્યા તેથી કાંઈ હું પુરુષ મટીને સ્ત્રી થઈ ગયો નથી; અને સભામાં પણ જે જાણકાર હોય તે ઓળખી લ્યે છે કે આ સ્ત્રીવેષમાં દેખાય છે તે ખરેખર સ્ત્રી નથી પણ પુરુષ જ છે. તેમ આ સંસારના નાટકમાં જ્ઞાની ધર્માત્મા કદાચિત્ સ્ત્રીના ખોળીયામાં રહેલા હોય, ત્યાં બાહ્યદ્રષ્ટિથી જોનારા મૂઢ જીવો તેના આત્માને તો ઓળખતા નથી ને આ ધર્મી જીવ આમ બોલ્યા, ને તેણે રાગ કર્યો–એમ તે દેખે છે ને પોતામાં પણ રાગનું તે દેહાદિની ક્રિયાનું કર્તૃત્વ માનીને તે અજ્ઞાનીઓ પ્રવર્તે છે, પરંતુ તે જ્ઞાનીધર્માત્મા પોતે તો નિઃશંક જાણે છે કે અમે સ્ત્રી નથી, અમે તો ચિદાનંદસ્વરૂપ આત્મા છીએ... શરીરની ક્રિયા તો અમારી નથી; ને રાગની ક્રિયા તો જ્ઞાનમય છે. જે જાણકાર હોય તે તો ધર્માત્માને આવા સ્વરૂપે ઓળખી લ્યે છે.

આવા ધર્માત્માને ઓળખતાં તેના પ્રત્યે દાન, ભક્તિ ને અર્પણતાનો ભાવ આવ્યા વિના રહેતો નથી. પરંતુ ધર્માત્મા મળવા અને તેની ઓળખાણ થવી તે આ જગતમાં બહુ દુર્લભ છે.

અરે, આ સંસારમાં મનુષ્યપણું મળવું પણ મહા દુર્લભ છે, તો મુનિદશાની તો શી વાત!! અરે, સમ્યગ્દર્શન પણ મહા દુર્લભ ચીજ છે. જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં પરમાત્માના ઘરમાં પ્રવેશ કર્યો. અમારા સ્વરૂપમાં જગતનો પ્રવેશ નથી ને જગતના પદાર્થોમાં અમે નથી, એવા ભાનપૂર્વક આત્માને સાધતા વચ્ચે ધર્મીને પણ મુનિ વગેરે પ્રત્યે ભક્તિના શુભભાવ આવે છે, ને આહારદાનાદિના ભાવ આવે છે.

ચરમશરીરી ભરત ચક્રવર્તી જમવા બેસતા પહેલાં ચિંતવે છે કે અહા, કોઈ મુનિરાજ અત્યારે મારા આંગણે પધારે તો તેમને આહારદાન દઈને પછી હું જમું. આવી ભાવનાથી ઉઘાડે પગે મહેલ બહાર જઈને ચોકમાં ઉભા ઉભા મુનિઓની વાટ જુએ છે. ત્યાં કુદરતયોગે બે મુનિરાજ આકાશમાં વિહાર કરતાં કરતાં અયોધ્યામાં ઊતરે છે. તેમને જોતાં ભરત ચક્રવર્તીના રોમરોમ હર્ષથી ઉલ્લસી જાય છે. “**પધારો મુનિરાજ પધારો**” એમ કહીને પરમ વિનયથી તેમનું બહુમાન કરીને, વિધિપૂર્વક પડગાહન કરીને, નવધા ભક્તિપૂર્વક આહારદાન આપે છે. અહા, એ વખતની એની ભક્તિ!! એનું શાસ્ત્રમાં ઘણું વર્ણન આવે છે. આજે ધન્ય અવતાર! ધન્ય ઘડી! આજે કલ્પવૃક્ષ મારે આંગણે આવ્યું... સાક્ષાત્ મોક્ષમાર્ગ મારે આંગણે આવ્યો!

આ તો મુનિઓનો દાખલો આપ્યો, તેમ સમકિતી ગૃહસ્થ પ્રત્યે પણ ધર્મીને કે ધર્મના જિજ્ઞાસુને વાત્સલ્ય ને બહુમાન આવે છે. સત્પંથે ચડેલા જીવોને સંત ધર્માત્મા પ્રત્યે, દેવ–ગુરુ–ધર્મની પ્રભાવના માટે, જ્ઞાનની પ્રભાવના માટે ઘણો ઘણો ઉત્સાહ આવે છે. જેમ કારીગર જેમ જેમ મકાન બાંધે છે. તેમ તેમ તે ઊંચે ચડતો જાય છે. તેમ ધર્મીજીવ ધર્માત્માઓનું ઉત્કૃષ્ટ બહુમાન કરતાં કરતાં પોતે ધર્મમાં આગળ વધતો જાય છે. ધર્માત્માને ભક્તિથી દીધેલો એક કોળિયો હજારગણો થઈને ફળે છે–એટલે શું? કે તેમાં ધર્માત્મા પ્રત્યે ભક્તિનો પોતાનો જે ભાવ છે તેનાથી એવા ઊંચા પુણ્ય બંધાય છે કે તેના ફળમાં સ્વર્ગાદિનો વૈભવ મળશે. પરંતુ તે વૈભવનું બહુમાન નથી, બહુમાન તો ધર્મને ને ધર્મને સાધનારા ધર્માત્માનું જ છે. ધર્માત્મા તો અલ્પકાળે મોક્ષ જશે ને તેને ઓળખીને બહુમાન કરનાર પણ તેમની સાથે સાથે અલ્પકાળે મોક્ષ પામશે.

ભાઈ, આવો ધર્મ સમજીને તે કરવા જેવું છે. “હમણાં નહીંને પછી કરશું” –એમ તેમાં મુદત કરવા જેવું નથી. જેને ખરી રુચિ હોય તે મુદત માંગતો નથી. ‘હમણા આત્માનું જ્ઞાન ન થઈ શકે’ એમ જે કહે છે તેને ધર્મની ખરી રુચિ જ નથી. માટે આત્માને ઓળખાવનારા ધર્માત્માઓને ઓળખીને બહુમાનાદિ કરવું એવો ઉપદેશ છે.

# ભેદજ્ઞાનના મહિમારૂપ અપૂર્વ મંગળ

[ સંવર અધિકાર ઉપરના પ્રવચનોમાંથીઃ ફાગણ સુદ બીજ ]

આ જ્ઞાન અને રાગના ભેદજ્ઞાનરૂપ સંવરની અપૂર્વ વાત છે.

અંતરમાં આત્માર્થીપણું ઊગ્યા વગર ચૈતન્યના પત્તા ખાય નહીં. ભાઈ, તારી ચૈતન્યસત્તા રાગમાં ઢંકાઈ ગઈ નથી, રાગથી જુદી ને જુદી તારી ચૈતન્યસત્તા છે. અજ્ઞાનથી તને ચૈતન્યનું અને રાગનું એકપણું ભાસ્યું હતું, પણ ભેદજ્ઞાનના અભ્યાસવડે બંનેની અત્યંત ભિન્નતા અનુભવવામાં આવે છે. જ્ઞાન અને રાગની ભિન્નતાના તીવ્ર અભ્યાસવડે ભેદજ્ઞાન થાય ત્યારે એમ અનુભવાય છે કે આ જ્ઞાન છે તે જ હું છું, ને જે રાગ છે તે તો જડ તરફનો ભાવ છે, તે રાગને મારા ચૈતન્ય સાથે આધાર આધેયપણું જરાપણ નથી. જ્ઞાન તરફનો ભાવ તો અનાકુળ શાંત છે, ને રાગ તો આકુળતા–કલેશરૂપ છે. આવું ભેદજ્ઞાન તે જ સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય છે તેથી આચાર્યદેવ શરૂઆતમાં જ આવા ભેદજ્ઞાનની પ્રશંસા કરીને તેને અભિનન્દે છે. ( **अभिनन्दति** ).

અહો, ભેદજ્ઞાન થાય ત્યારે જ્ઞાનથી ભિન્ન સમસ્ત પરભાવો આકુળતારૂપ ભાસે છે; ભેદજ્ઞાન થતાં જ્ઞાનભાવપણે જ આત્મા અનુભવાય છે, અણુમાત્ર પણ રાગ પોતાપણે અનુભવાતો નથી, અચળરૂપ જ્ઞાનપણે જ રહે છે. અને જ્ઞાન શુદ્ધપણે જ રહેતુ થકું જરા પણ રાગાદિભાવને કરતું નથી. અને આવું ભેદજ્ઞાન થતાં જ આત્મા પરમ આનંદિત થાય છે; કદી નહિઃ થયેલું એવું જ્ઞાનનું અપૂર્વ વેદન થતાં તે આનંદિત થાય છે, તેને જણાય છે કે અહો, હું તો સદાય આવા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છું, રાગાદિરૂપ હું કદી થઈ ગયો નથી. આનંદમાં ઝૂલતા આચાર્યદેવ કહે છે કે હે સત્પુરુષો ! આવું ભેદજ્ઞાન કરીને હવે તમે મુદિત થાઓ...... ભેદજ્ઞાનવડે આનંદિત થાઓ !

જીવે ભેદજ્ઞાન કર્યું ત્યાં તેને ‘સંત’ કહ્યો; હે સંતો ! હવે તમે મુદિત થાઓ ! પ્રસન્ન થાઓ ! આનંદિત થાઓ. ચૈતન્યનો અનુભવ કરીને સંતોએ અંતરમાં અતીન્દ્રિય આનન્દને અનુભવ્યો છે. આવા ભેદજ્ઞાનની પ્રશંસાવડે આચાર્યદેવે તેને અભિનન્દન કર્યું છે... ને તે અપૂર્વ મંગળ છે. આત્મામાં આવું ભેદજ્ઞાન પ્રગટે તે અપૂર્વ મંગળ છે.

જે ભેદજ્ઞાન પ્રગટયું તે પોતાના જ્ઞાનભાવમાં અવિચળપણે રહે છે, જ્ઞાનથી જરાપણ ચલાયમાન થતું નથી. –રાગાદિરૂપ થતું નથી. સાધુ કે શ્રાવક થયા પહેલાં અવિરત સમ્યગ્દ્રષ્ટિ થયો તેની આ વાત છે, તેને આવું

ભેદજ્ઞાન હોય છે. આવું ભેદજ્ઞાન તે સંવરનો પરમ ઉપાય છે. ભેદજ્ઞાન થયું ત્યાં શુદ્ધઆત્માને ઉપલબ્ધ કર્યો, ને શુદ્ધાત્માની ઉપલબ્ધિવડે રાગાદિના અભાવરૂપ સંવર થયો. આ રીતે જ્ઞાનીને સંવર છે.

જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે હે સ્વામી! આપે એમ સમજાવ્યું કે ભેદજ્ઞાનથી જ શુદ્ધ આત્માનો અનુભવ થાય છે; તો તે શુદ્ધઆત્માની ઉપલબ્ધિ જ થાય, ને બીજી રીતે ન થાય–તે કઈ રીતે? ભેદજ્ઞાન વડે જ શુદ્ધઆત્માની ઉપલબ્ધિ કઈ રીતે થાય? –એમ શુદ્ધાત્માના અનુભવ માટે ઝંખતા શિષ્યનો પ્રશ્ન છે, તેને સમજાવવા આચાર્યદેવ (ગા. ૧૮૪–૧૮૫માં) કહે છે કે: ઉપર કહ્યું તેવું જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન વડે એમ જાણે છે કે ગમે તેવા પ્રચંડ કર્મોદયવડે ઘેરાયેલું હોય તોપણ મારું જ્ઞાન તો જ્ઞાનરૂપ જ રહે છે. પાંડવો જેવા ધર્માત્મા જ્યારે ધ્યાનમાં છે ત્યારે ધગધગતા અંગારા ઝરતા લોહાભુષણ તેને પહેરાવે છે–શરીર સળગી ઊઠે છે–એવા વખતે પણ અંતરમાં ભાન છે કે મારું જ્ઞાન તો જ્ઞાનપણે જ રહ્યું છે, મારું જ્ઞાન જ્ઞાનત્વને છોડતું નથી. એ જ રીતે સમ્યગ્દ્રષ્ટિ ગૃહસ્થપણે હોય તોપણ, ગમે તેવા પરિસહ કે ઉપસર્ગમાં તેને પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીત છૂટતી નથી, તે નિઃશંક જાણે છે કે મારો આત્મા જ્ઞાનરૂપ જ છે. હજાર કારણો ભેગા થાય તો પણ મારા આત્માને જ્ઞાનસ્વભાવથી છોડાવવા અશક્ત છે. જેમ ગમે તેવી અગ્નિમાં તપ્ત થવા છતાં સોનું તો સોનું જરહે છે, તે પોતાના સોનાપણાને છોડતું નથી; તેમ જ્ઞાની ગમે તેવી પ્રતિકૂળતાના ઘેરા વચ્ચે પણ પોતાના જ્ઞાનપણાને છોડતા નથી. હજારો કારણો કે દુનિયાના અનંત કારણો ભેગા થવા છતાં, અનંતી પ્રતિકૂળતા થાય છતાં, વીજળી પડે કે વજાપાત થાય છતાં, સ્વભાવને છોડવો અશક્ય છે, એટલે જ્ઞાની પોતાના સ્વભાવને કદી છોડતો નથી. જ્ઞાનીનો સ્વભાવ જ જ્ઞાનમય પરિણમવાનો છે, તેને તેના જ્ઞાનમય પરિણમનથી છોડાવવા જગતમાં કોઈ સમર્થ નથી.

રાજમતી, સીતાજી વગેરે વગેરે ધર્માત્મા સતીઓ ઉપર ગમે તેવા પ્રસંગ આવવા છતાં તેઓ પોતાના જ્ઞાનસ્વભાવમાં નિઃશંકપણે જ્ઞાનપણે જ વર્તતા હતા. જ્ઞાન અંશમાત્ર રાગપણે થઈ જતું નથી.

જ્ઞાની સમકિતીને પ્રતિકૂળતાના ગંજ આવે તોપણ તેનું જ્ઞાન પોતાના જ્ઞાનસ્વભાવમાં જ એકતાપણે વર્તે છે. એનું નામ પરિસહ અને ઉપસર્ગ સહ્યા કહેવાય.

કેટલું સહન કરવું? કે જ્ઞાનસ્વભાવમાં આખા જગતથી જુદાપણે ટકી રહેવાની તાકાત છે. ઝાઝા સંયોગ ભેગા થાય તેથી તેને જ્ઞાનથી છોડાવી ઘે–એ વાત અશક્ય છે. –જ્ઞાની જ્ઞાનસ્વભાવમાં પરિણમ્યો ને જ્ઞાનધારા ઉપડી તે જ્ઞાનધારા અછિન્ન ધારાવાહી વર્તે છે. તેની ધારાને તોડવાની કોઈની તાકાત નથી, આવી

ભેદજ્ઞાનદશા પ્રગટ કરવા માટે અંતરમાં ઘણી પાત્રતા ને ઘણો પ્રયત્ન જોઈએ.

કેટલી તૈયારી! કેટલી ધગશ! કેટલી જાગૃતિ!! અહા, ભેદજ્ઞાનવડે જાગ્યો તે જાગ્યો..... તે રાગથી છૂટયો... હવે રાગથી ભિન્ન પડીને સ્વભાવ સાથે અભેદપણે પરિણમતિ તેની જ્ઞાનધારાને તોડવાની કોઈની તાકાત નથી. સોનાને લોઢું કરી નાખવાની અગ્નિની તાકાત નથી, તેમ જે જ્ઞાની થયો તેને અજ્ઞાની કરવાની કોઈની તાકાત નથી... અરે, નરકમાં કેટલી પ્રતિકૂળતા છે! છતાં ત્યાં પણ શ્રેણીક જેવા જીવો જ્ઞાનપણે જ રહે છે, તે પોતાના જ્ઞાનસ્વભાવમાં જ વર્તે છે, રાગથી ભિન્નપણે જ તેનું જ્ઞાન વર્તે છે. જ્ઞાનીને ભેદજ્ઞાન ગોખવું નથી પડતું. પણ તેનો સ્વભાવ જ રાગથી ભિન્ન–જ્ઞાનપણે પરિણમવાનો છે, અને જ્ઞાનીના તે સ્વભાવનો નાશ કોઈપણ સંયોગવડે થતો નથી. જ્ઞાન પોતાના આનંદસ્વભાવે રહેતું થકું ને રાગાદિથી જુદું જ રહેતું થકું પોતાનું કાર્ય કરે છે. તેને એમ ઘંટા ગણવા નથી પડતા કે 'અરે, આ પ્રતિકૂળતા ક્યારે ટળી?" –પ્રતિકૂળતા કાળે જ તેનું જ્ઞાન તો જ્ઞાનપણે જ વર્તે છે, તે જરાપણ અજ્ઞાનરૂપ થતું નથી. આવી અપૂર્વદશાનું નામ ભેદજ્ઞાન અને સંવર છે. તે મંગળ અને મહિમાવંત છે.

## સત્સંગ.... અને.... કુસંગ

સત્ સમજેલા ને સમજાવનારા એવા ધર્માત્માનો સંગ તે સત્સંગ છે. વીતરાગી ચિદાનંદ સ્વભાવની સમ્યક્ શ્રદ્ધાવાળા ને સ્થિરતાવાળા ધર્માત્મા તે સત્ છે, એવા ધર્માત્માનો સંગ–સેવા–ઉપાસના તે સત્સંગ છે.

અને તેનાથી વિપરીત, ઊંધી શ્રદ્ધા વગેરેને પોષનારા જીવોનો સંગ, એટલે કે આ પણ સાચા છે એવી બુદ્ધિથી તેનો સંગ તે કુસંગ છે, તે અસત્સંગ છે.

(પ્ર. ગા. ૧૫૮ના પ્રવચનમાંથી)

# બધાય ભગવાન અર્હંતદેવોએ ઉપાસેલો મોક્ષમાર્ગ

## સ. ગા. ૪૦૮–૪૦૯ ઉપર

## પોષ પૂર્ણિમાના સુંદર પ્રવચનમાંથી


શુદ્ધજ્ઞાનમય આત્મા છે, તે અમૂર્તિક છે; આવા શુદ્ધજ્ઞાનમય આત્મામાં દેહ કે રાગાદિ ભાવો નથી; દેહથી ને રાગથી પાર એવા શુદ્ધજ્ઞાનમય આત્માનું સેવન તે જ મોક્ષમાર્ગ છે, પરંતુ એનાથી ભિન્ન એવું દ્રવ્યલિંગ (–નગ્ન–શરીર કે મહાવ્રતાદિના વિકલ્પો) તે કોઈ મોક્ષ–માર્ગ નથી. **શુદ્ધજ્ઞાનસ્વભાવની સન્મુખતાથી પોતે આવા મોક્ષમર્ગના ઉપાસક થઈને આચાર્યદેવ બધાય અર્હંતદેવોને સાક્ષીપણે ઉતારીને કહે છે કે અહો! બધાય ભગવાન અર્હંતદેવોએ આવા દર્શન-જ્ઞાન-ચારિત્રની જ મોક્ષમાર્ગપણે ઉપાસના કરી છે-એમ જોવામાં આવે છે.** અમે તો દેહાદિ દ્રવ્યલિંગનું મમત્વ છોડીને, શુદ્ધજ્ઞાનના સેવન વડે દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસનાથી મોક્ષમાર્ગ સાધી રહ્યા છીએ, ને બધાય અર્હંત ભગવંતોએ પણ આ જ રીતે મોક્ષમાર્ગની ઉપાસના કરી હતી એમ નિ:શંકપણે અમારા નિર્ણયમાં આવે છે.

જો દેહમય લિંગ કે તે તરફના શુભવિકલ્પો તે મોક્ષનું કારણ હોય તો અર્હંતભગવંતો તેનું મમત્વ છોડીને દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના શા માટે કરત? દ્રવ્યલિંગથી જ મોક્ષ પામત! પરંતુ અર્હંતભગવંતોએ તો દેહાદિથી ને રાગાદિથી વિમુખ થઈને, શુદ્ધજ્ઞાનમય ચિદાનંદ તત્ત્વની સન્મુખતા વડે દર્શન–જ્ઞાન–ચારિત્રની જ ઉપાસના કરી; માટે એ નક્કી થયું કે દેહમય લિંગ તે મોક્ષમાર્ગ નથી, રાગ પણ મોક્ષમાર્ગ નથી, પરમાર્થે દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના તે જ મોક્ષમાર્ગ છે. દર્શન–જ્ઞાન–ચારિત્રની ઉપાસના કઈ રીતે થાય? કે શુદ્ધ જ્ઞાનમય આત્માના સેવનથી જ તે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગની ઉપાસના થાય છે.

અહા! આચાર્યદેવની કેટલી નિ:શંકતા! અંદર પોતે તો નિર્વિકલ્પઅનુભવમાં ઝુલતા ઝુલતા આવા મોક્ષમાર્ગને સાધી રહ્યા છે, ને બેધડકપણે કહે છે કે બધાય ભગવાન અર્હંતદેવોને શુદ્ધજ્ઞાનમયપણું છે, ને તેઓએ દ્રવ્યલિંગના આશ્રયભૂત શરીરનું મમત્વ છોડી દીધું છે, એટલે દ્રવ્યલિંગના ત્યાગવડે દર્શન–જ્ઞાન–ચારિત્રની મોક્ષમાર્ગપણે ઉપાસના જોવામાં આવે છે. બધાય તીર્થંકરોએ મોક્ષમાર્ગ આ એક જ રીતે ઉપસ્યો છે, એમ અમારા જોવામાં આવે છે.

કોઈ કહે કે “જોવામાં આવે છે” એમ કહ્યું તો શું આચાર્યદેવે અર્હંતદેવોને નજરે જોયા છે? અત્યારે કે કુંદકુંદાચાર્યદેવ હતા ત્યારે પણ અહીં અર્હંતદેવ તો ન હતા તો તેને અહીં કહે

છે કે ભાઈ! આત્મામાં જે મોક્ષમાર્ગનો નિર્ણય થયો, સાક્ષાત્ અનુભવ થયો, ત્યાં નિઃસંદેહ ખાતરી થઈ ગઈ કે બસ, આવો જ મોક્ષમાર્ગ ત્રણેકાળે હોય. અને વળી કુંદકુંદાચાર્યદેવને તો વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરભગવાનનો ભેટો પણ થયો હતો, આઠ–આઠ દિવસ સુધી ભગવાન સીમંધર પરમાત્માની સભામાં દિવ્યધ્વનિનું સાક્ષાત્ શ્રવણ કર્યું હતું, જ્યાં અનેક કેવળજ્ઞાની ભગવંતો બિરાજતા હતા, જ્યાં ગણધરદેવો અને મુનિવરોના ટોળા આવા મોક્ષમાર્ગને સાધતા હતા, –તેમને નજરે નીહાળીને, અને તેવો મોક્ષમાર્ગ પોતાના આત્મામાં પ્રગટાવીને આચાર્યદેવ કહે છે કે ભાઈ, મોક્ષમાર્ગ તો આ શુદ્ધ જ્ઞાનમય આત્માના આશ્રયે રત્નત્રયની ઉપાસનાથી જ થાય છે, –એમ અમારા જોવામાં આવે છે, બીજો કોઈ મોક્ષમાર્ગ અમારા જોવામાં આવતો નથી.



# સાધકપણું પ્રગટાવવા શું કરવું ?

**અહો ! જેને સાધકપણું પ્રગટાવવું હોય તેને સાધકપણું કેમ પ્રગટે તેની આ વાત છે. મોક્ષને સાધવા માટે સૂત્રની અને સંતોની આજ્ઞા તો આમ છે કે તું તારા સ્વદ્રવ્યનો આશ્રય કરીને તેમાં જ વિહર ! તું તારા આત્માને સ્વદ્રવ્યમાં જોડ... તો તું મોક્ષમાર્ગમાં આવ્યો-એમ સૂત્રની અને સંતોની સંમતિ છે.**

(સ. ગા. ૪૧૦–૪૧૧ ઉપરના પ્રવચનમાંથી)

આત્માનો વીતરાગી જ્ઞાનસ્વભાવ છે.

તે વીતરાગીસ્વભાવની નિર્વિકલ્પ–વીતરાગી શ્રદ્ધા, તેનું વીતરાગીજ્ઞાન, ને તેમાં વીતરાગી લીનતા, –એવા રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ છે.

આવા મોક્ષમાર્ગ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ નથી, માટે જેણે સાધકપણું પ્રગટાવવું હોય ને મોક્ષ ને સાધવો હોય તેણે આત્માના આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ તીર્થની ઉપાસના કરવી. દ્રવ્યલિંગ તો શરીરાશ્રિત હોવાથી પરદ્રવ્ય છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી.

દ્રવ્યલિંગને શરીરાશ્રિત કહ્યું તેમાં વ્રતમહાવ્રતના શુભવિકલ્પો પણ સમજી લેવા, કેમકે તે પણ પરદ્રવ્યને જ આશ્રિત છે, તેથી તે મોક્ષનું કારણ નથી.

મોક્ષનું કારણ તો સ્વદ્રવ્યને એટલે કે આત્માના સ્વભાવને આશ્રિત એવા જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ મોક્ષમાર્ગ છે, –એમ કહે છે.

‘કોણ કહે છે? ’ કે ભગવાન જિનદેવો કહે છે. સર્વે જિનેન્દ્રભગવંતોએ શુદ્ધજ્ઞાનના આશ્રયે (એટલે કે શુદ્ધ આત્માના આશ્રયે) જ મોક્ષમાર્ગની આરાધના કરી; ને તે જિનભગવંતોએ બીજા મુમુક્ષુ શ્રોતાજનોને પણ એ જ મોક્ષમાર્ગ કહ્યો.

ગીરનાર વગેરે મોક્ષધામની યાત્રાનો ભાવ કુંદકુંદઆચાર્ય જેવા મહાસંતોને પણ આવ્યો હતો, તેઓ ગીરનારતીર્થની યાત્રાએ પધાર્યા હતા, એવો બહુમાનનો વિકલ્પ ધર્મીને આવે છે. શ્રીમદ્ રાજચંદ્રજી પણ દક્ષિણ દેશના પર્વતો નીહાળીને બહુમાનથી કહે છે કે અહો ! એ તરફના નગ્ન ઊંચા અડોલવૃત્તિથી ઉભેલ પહાડ નીરખી સ્વામી કાર્તિકેયાદિ (મુનિઓ) ની અડોલ વૈરાગ્યમય દિગમ્બરવૃત્તિ યાદ આવતી હતી. તે સ્વામી કાર્તિકેયાદિને નમસ્કાર.

જુઓને.! બાહુબલી ભગવાન કેવા અડોલ ઊભા છે! જાણે મોક્ષને કેમ સાધ્યો તે દર્શાવી રહ્યા હોય!! એવો અદ્ભુત દેખાવ હતો.

આ રીતે તીર્થધામ પ્રત્યે બહુમાનનો ભાવ આવે.

રત્નત્રયરૂપે પરિણમેલા જીવને પણ ‘તીર્થ’ કહેવાય છે, કેમકે જેનાથી તરાય તે તીર્થ છે; રત્નત્રયરૂપ નૌકાવડે તે સંસારને તરે છે માટે તે તીર્થ છે. **અનુભવની પ્રીતિવાળા મુમુક્ષુજીવને આવા પરમાત્મા કે ધર્માત્મા પ્રત્યે પરમ પ્રીતિને બહુમાન આવે છે,**

પરંતુ અંતરમાં ધર્માત્માને તે વખતે ભાન છે કે આ ભાવ પરદ્રવ્યાશ્રિત છે, તે મારા મોક્ષનું સાધન ખરેખર નથી; જેટલો ભાવ મારા સ્વદ્રવ્યને અવલંબે તે જ મોક્ષનું સાધન છે.

અહીં કોઈ એક જીવની વાત નથી, આ તો મહા સિદ્ધાંત છે એટલે બધાય જીવોને માટે ત્રણે કાળનો અબાધિત નિયમ છે. કોઈ પણ ક્ષેત્રે જ્યારે જે કોઈ જીવને મોક્ષ સાધવો હોય તે આ નિયમ અનુસાર જ મોક્ષને સાધી શકે છે. ‘**सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः**’ એમ મોક્ષશાસ્ત્રનું પહેલું જ સૂત્ર છે તેના બીજડાં આ સમયસારમાં ભરેલાં છે.

સર્વકર્મરહિત પૂર્ણ શુદ્ધ આત્મપરિણામ તે મોક્ષ છે; તો તે મોક્ષનું કારણ પણ તેવી જાતનું જ હોવું જોઈએ, એટલે કે મોક્ષના કારણરૂપ પરિણામ પણ કર્મરહિત, શુદ્ધ હોવા જોઈએ. જે પરિણામથી કર્મ બંધાય તે પરિણામ મોક્ષનું સાધન નથી. આત્માના આશ્રયે થતાં જે વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણામ તે જ મોક્ષનું સાધન છે. –એ નિયમ છે.

માટે હે ભવ્ય! તારા આત્માને તું આવા મોક્ષમાર્ગમાં જોડ! ને બીજા ભાવોનું મમત્વ છોડ! સ્વદ્રવ્યને આશ્રિત સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ તેમાંજ તારા આત્માને જોડ– એમ સૂત્રની અનુમતિ છે.

અહા! જેને સાધકપણું પ્રગટાવવું હોય તેને સાધકપણું કેમ પ્રગટે તેની આ વાત છે. મોક્ષને સાધવા માટે સૂત્રની અને સંતોની આજ્ઞા તો આમ છે કે તું તારા સ્વદ્રવ્યનો આશ્રય કરીને તેમાં જ વિહર! તું તારા આત્માને સ્વદ્રવ્યમાં જોડ.... તો તું મોક્ષમાર્ગમાં આવ્યો એમ સૂત્રની અને સંતોની સંમતિ છે.

‘સુવર્ણ સન્દેશ’ માંથી સાભાર

# યાત્રાસંઘના સમાચાર

**સ મા ચા ર:** ( બેલગાંવ તા. ૧૩ )

પૂ. ગુરુદેવ સહિત યાત્રાસંઘ કુંદકુંદધામ પોન્નૂર તરફ પ્રસ્થાન કરી રહ્યો છે..... સોનગઢથી પોષ વદ છઠ્ઠ ( તા. ૫–૧ ) ના રોજ પ્રસ્થાન કરીને પૂ. ગુરુદેવ અમદાવાદ, પાલેજ અને વલસાડ થઈને ભીવંડી પધાર્યા હતા. દરેક સ્થળે ઉત્સાહપૂર્વક સ્વાગત થયું હતું. પાલેજમાં ભક્તિ વગેરેના ઘણા ઉત્સાહપૂર્વક સ્વાગત થયું હતું. પાલેજમાં ભક્તિ વગેરેના કાર્યક્રમો હતા; ભીવંડીમાં શેઠ શ્રી મગનલાલ સુંદરજી અને તેમના સુપુત્ર વૃજલાલભાઈ વગેરેએ ઘણા ઉત્સાહપૂર્વક ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું હતું. મંડપમાં પોન્નૂરની રચનાનું દ્રશ્ય હતું. આ પ્રસંગે બહારથી મુંબઈ વગેરેથી હજારો માણસો આવ્યા હતા, ને નવકારશીમાં પાંચ હજાર ઉપરાંત માણસો જમ્યા હતા. ગુરુદેવ ભીવંડીથી પોષ વદ ૧૧ ( તા. ૧૦–૧ ) ના રોજ પૂના પધાર્યા, ને સંઘના યાત્રિકો પણ તેજ દિવસે મુંબઈથી પ્રસ્થાન કરીને સાંજ સુધીમાં પૂના પહોંચી ગયા ને ગુરુદેવ સહિત પોન્નૂર બાહુબલિનો યાત્રાસંધ શરૂ થયો. પૂના પછી સતારા થઈને બાહુબલી ( કુંભોજ ) માં બાહુબલી ભગવાનની ભવ્યપ્રતિમાં તથા સમવસરણ મંદિર વગેરેના દર્શન કર્યાં. પછી બેલગાંવ આવ્યા. ગુરુદેવ પણ કોલ્હાપુર થઈને બેલગાંવ પધાર્યા. અત્યારે લખાય છે. ત્યારે પ્રવચનમાં પૂ. ગુરુદેવ પોન્નૂર તીર્થને વારંવાર ભાવથી યાદ કરીને કહે છે કે કુંદકુંદભગવાન આ ભરતક્ષેત્રમાંથી વિદેહમાં સીમંધરપરમાત્મા પાસે પધાર્યા હતા. એ તો પહેલેથી ખબર હતી, પણ પોન્નૂર તીર્થધામથી તેઓ વિદેહમાં ગયેલા એ વાત સં. ૨૦૧૫ ની યાત્રા વખતે સાંભળી; એ તીર્થના ફરીવાર દર્શન કરવા માટે આ યાત્રાએ નીકળ્યા છીએ. આત્મધર્મના પાઠકો આ સમાચાર વાંચતા હશે ત્યારે પૂ. ગુરુદેવ પોન્નૂર પહાડ ઉપર ભક્તિપૂર્વક કુંદપ્રભુના ચરણોને અભિવંદતા હશે.

## પોન્નૂર તીર્થધામની યાત્રા પછી ગુરુદેવનો પ્રવાસ કાર્યક્રમ લગભગ નીચે મુજબ રહેશે:-

- પોન્નૂરથી તા. ૨૮–૧–૬૪ (માહ સુદ ૧પ) પાલમનેર; પછી ટૂમ્કુર, ચિત્તલદુગ, ત્રિમલકોપ, ગોંટૂર, કરાર, પૂના, નાશિક અને ચાંદૂર થઈને–
- જલગાંવ (તા. ૬–૨–૬૪ તથા ૭–૨–૬૪) ત્યાંથી પલાસનેર, સુસારી, પીપળોદ, અમદાવાદ, સુરેન્દ્રનગર થઈને–
- રાજકોટ (તા. ૧૩–૨–૬૪ માહ વદ ૦)) થી તા. ૨૪–૨–૬૪ ફા. સુ. ૧૨) ત્યાં ફાગણ સુદ ત્રીજે સમવસરણ મંદિર તથા માનસ્તંભનું શિલાન્યાસ.) ત્યાંથી જોરાવરનગર થઈને–
- રખિયાલ (તા. ૨૬–૨ થી ૧–૩–૬૪ ફા. સુ. ૧૪ થી ફા. વ. ૩) ત્યાં નવા જિનમંદિરમાં વેદીપ્રતિષ્ઠાનું મુહૂર્ત ફા. વદ ત્રીજ. ત્યાંથી દેહગામ (તા. ૨ તથા ૩), સોનાસણ (તા. ૪), ફત્તેપુર (તા. પ થી ૮), તલોદ (તા. ૯–૧૦), વઢવાણશહેર (તા. ૧૧–૧૨), જેતપુર (તા. ૧૩–૩–૬૪)
- પોરબંદર (તા. ૧૪–૩ થી ૨૧–૩ પ્રથમ ચૈત્ર સુદ ૧ થી ૮), લાઠી ચૈ. સુ. ૯ ૨૨–૩ સાવરકુંડલા (ચૈ. સુ. ૧૦ થી વદ ૨ ૨૩–૩ થી ૩૦–૩ આંકડિઆ (ચૈ. વદ ૩–૪ ૩૧–૩, ૧–૪) ઉમરાળા (ચૈ. વદ પ–૬ તા. ૨–૪, ૩–૪), ગઢડા (ચૈ. વદ ૭–૮ તા. ૪નેપ–૪), પાર્ટી (ચૈ. વ. ૯ તા. ૬–૪) રાણપુર (ચૈ. વ. ૧૦ થી ૧૪ તા. ૭–૪ થી ૧૧–૪)
- બોટાદ (ચૈ. વ. ૦)) ૧૨–૪ થી બી. ચૈ. સુ. ૮ તા. ૧૯–૪ ત્યાં જિનમંદિરમાં વેદીપ્રતિષ્ઠાનું મુહૂર્ત ચૈ. સુ. ૮)
- અમદાવાદ (ચૈ. સુ. ૯ તા. ૨૦–૪ થી ચૈ. સુ. ૧૩ તા. ૨૪–૪) (ચૈ. સુ. ૧૪ થી ચૈ. વ. પાંચમ સુધી અમદાવાદથી મુંબઈ જતાં રસ્તામાં સુરત પાલેજ વગેરે–)
- ચૈત્ર વદ છઠ્ઠ તા. ૧ મે ૧૯૬૪ મુંબઈનગરીમાં પ્રવેશ: (મુંબઈમાં વૈશાખ સુ. ૨ તા. ૧૩–પનો હીરકજયંતીમહોત્સવ તથા દાદર જિનમંદિરની પંચકલ્યાણક પ્રતિષ્ઠાનું મુહૂર્ત વૈશાખ સુ. ૧૧તા. ૨૨–પનું છે.)

# ભેદજ્ઞાનથી જ બંધન અટકે છે

( શ્રી સમયસાર કર્તાકર્મ અધિકાર ગા. ૭૧-૭૨ના પ્રવચનમાંથી દોહન )

ચૈતન્યતત્ત્વ તો અંતર્મુખ છે અને રાગાદિ ભાવો તો બહિર્મુખ છે, તેમને એકપણું નથી. જ્યાં સુધી ચૈતન્યની અને રાગની ભિન્નતાને ન જાણે ત્યાં સુધી ભેદજ્ઞાનરૂપ બોધિબીજ પ્રગટે નહિં. હું તો ચૈતન્ય છું ને રાગાદિભાવો તો ચૈતન્યથી ભિન્ન છે, જ્ઞાનમાંથી રાગની ઉત્પત્તિ નથી, ને રાગમાંથી જ્ઞાનની ઉત્પત્તિ નથી. આવું ભેદજ્ઞાન કરે ત્યારે જીવની પરિણતિ રાગથી ખસીને અંતરમાં ચૈતન્યસ્વભાવ તરફ વળે છે, ને ત્યારે સમ્યગ્દર્શનાદિ ધર્મની અપૂર્વ શરૂઆત થાય છે.

* જીવને જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં તેને ધર્મલબ્ધિનો કાળ આવ્યો છે. ભેદજ્ઞાન તે જ ધર્મલબ્ધિ છે. ધર્મ કરનાર જીવ કાળ સામે જોઈને બેસી રહેતો નથી પણ પોતાના સ્વભાવમાં અંતર્મુખ થાય છે, ને સ્વભાવમાં અંતર્મુખ થતાં પાંચે લબ્ધિ એક સાથે આવી મળે છે. સ્વભાવમાં અંતર્મુખ થાય ને ધર્મલબ્ધિનો કાળ ન હોય એમ બને નહિ.

* પ્રાથમિક શિષ્યે ધર્મલબ્ધિને માટે પ્રથમ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. જેમ જીવ અને અજીવ દ્રવ્યોને અત્યંત ભિન્નતાછે, તેમ ચૈતન્યભાવને અને રાગાદિ ભાવોને પણ અત્યંત ભિન્નતા છે, બંનેની જાત જ જુદી છે. –આવું અંતરનું ભેદજ્ઞાન તે કોઈ શુભરાગ વડે થતું નથી પણ ચૈતન્યના જ અવલંબને થાય છે, ભેદજ્ઞાન તે અંતરની ચીજ છે, એ કોઈ બહારના ભણતરની કે શુભરાગની ચીજ નથી.

* અમુક શાસ્ત્રો જાણે તો જ આવું ભેદજ્ઞાન હોય, કે વ્રત–મહાવ્રત પાળે તેને જ આવું ભેદજ્ઞાન હોય–એવું કોઈ ભેદજ્ઞાનનું માપ નથી. અંતરના વેદનમાં જેણે ચૈતન્યને અને રાગને ભિન્ન જાણ્યા, ને ઉપયોગને રાગથી છૂટો પાડીને ચૈતન્યમાં વાળ્યો તે જીવ ભેદજ્ઞાની છે; શાસ્ત્રોએ જેવી જ્ઞાન અને રાગની ભિન્નતા બતાવી છે તેવી પરિણતિરૂપે તે ધર્માત્માનું સાક્ષાત્ પરિણમન થયું છે.

* રાગથી તો અત્યંત ભિન્નતા કરવાની છે, તો તે ભિન્નતા રાગના અવલંબને કેમ થાય? રાગનો જેમાં અભાવ છે એવા ચૈતન્યના અવલંબને જ રાગનું ને જ્ઞાનનું ભેદજ્ઞાન થાય છે.

* જુઓ, આમાં નિશ્ચય–વ્યવહારનું ભેદજ્ઞાન પણ આવી ગયું. નિશ્ચય તો સ્વાશ્રિત ચૈતન્યસ્વભાવ છે, તે સ્વભાવના આશ્રયે ભેદજ્ઞાન થાય છે, ને વ્યવહાર તો પરા

શ્રિત રાગભાવ છે, તેના આશ્રયે ભેદજ્ઞાન થતું નથી, તેના તો રાગ જ થાય છે. નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર તો અંતર્મુખ પરિણતિ છે, ને વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રમાં તો બહિર્મુખ રાગપરિણતિ છે. જે જીવ આવું ભેદજ્ઞાન કરે છે, તે જ જીવ રાગ સાથેની કર્તા–કર્મની અજ્ઞાનપ્રવૃત્તિથી છૂટે છે. ભેદજ્ઞાન થતાંવેત જ તે પોતાના ચૈતન્યસ્વભાવ સાથે એકતાથી અને રાગાદિ સાથે ભિન્નતાથી સમ્યગ્દર્શનાદિ નિર્મળકાર્યરૂપે પરિણમે છે, ને બંધનથી છૂટે છે. આ રીતે ભેદજ્ઞાનથી જ બંધનનો નિરોધ થાય છે.

* હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધન કઈ રીતે અટકે છે? તેનો ઉત્તર આચાર્ય દેવ ૭૩ મી ગાથામાં સમજાવે છે–

અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,
વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે.

સમ્મેદશિખરજીની યાત્રાએ ગયા ત્યારે મધુવનમાં આ ગાથા વંચાણી હતી. આત્માનો ચૈતન્યસ્વભાવ પવિત્ર છે, સુખરૂપ છે, અને રાગાદિ આસ્રવો ચૈતન્યરહિત છે, અશુચિરૂપ છે તથા દુઃખ ઉપજાવનારાં છે. આ રીતે આસ્રવોનું ચૈતન્યસ્વભાવથી વિપરીતપણું જાણીને ભેદજ્ઞાનીજીવ તેનાથી પાછો વળે છે. આ રીતે ભેદજ્ઞાનથી બંધન અટકી જાય છે.

* ભેદજ્ઞાન એટલે અંતર્મુખ થયેલું જ્ઞાન; તેનો સ્વભાવ જ ક્રોધાદિથી છૂટા પડવાનો છે. જ્ઞાનનો ઉપયોગ સ્વભાવ તરફ વળીને એકતા કરે અને રાગાદિથી ભિન્નતા ન કરે એમ બને નહિ; એટલે આત્મા તરફ વળેલા ભેદજ્ઞાનને આસ્રવોથી નિવૃત્તિની સાથે અવિનાભાવીપણું છે.

* અહીં આચાર્યદેવ અલૌકિક રીતે આત્મા અને આસ્રવોનું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવે છે. આત્માને અને આસ્રવોને વિરુદ્ધ સ્વભાવપણું છે તેથી તેમને એકતા નથી પણ ભિન્નતા છે.

* જુઓ, રાગથી જુદો પડે તો જ રાગનું ખરું જ્ઞાન થાય છે, રાગમાં એકતા કરે તેને રાગનું પણ જ્ઞાન થતું નથી. ચૈતન્ય છે તે રાગથી અન્ય છે; રાગમાં ચૈતન્યથી વિપરીત સ્વભાવપણું છે એટલે તે ચૈતન્યથી અન્ય છે અને ચૈતન્યસ્વભાવી આત્મા તો સ્વયં–રાગના અવલંબન વગર જ સ્વપરને જાણનારો ચેતક છે, તે ચૈતન્યથી અન્ય છે. આ રીતે આત્માને અને આસ્રવોને ભિન્નસ્વભાવપણું છે–એવા ભેદજ્ઞાનથી આત્માને બંધન અટકી જાય છે.

* અહા, દ્રષ્ટિ અપેક્ષાએ તો સમકિતીને મુક્ત કહ્યો છે. સમકિતીની દ્રષ્ટિમાં બંધરહિત શુદ્ધ આત્મા જ છે, તેથી દ્રષ્ટિ અપેક્ષાએ

તેને બંધન છે જ નહીં. જેમ અંધકારને અને પ્રકાશને ભિન્નતા છે, તેમ અંધકાર જેવા આસ્રવોને અને પ્રકાશ જેવા ચૈતન્યને અત્યંત ભિન્નતા છે. જેટલો પરાશ્રિત વ્યવહાર છે તે બધોય આસ્રવોમાં જાય છે, તે ચૈતન્યસ્વભાવથી ભિન્ન છે; ને જે સ્વાશ્રિત નિશ્ચય છે–સ્વાશ્રયે થયેલી નિર્મળ પર્યાય છે. –તેને ચૈતન્યસ્વભાવ સાથે એકતા છે. આવા ભેદજ્ઞાનથી જ્યાં ચૈતન્ય જ્યાં ચૈતન્ય સાથે એકતારૂપ ને રાગાદિથી ભિન્નતારૂપ પરિણમન થયું ત્યાં હવે બંધન શેમા રહે? બંધન તો જ્યાં આસ્રવ હોય ત્યાં થાય, પણ જ્યાં આસ્રવોથી છૂટીને ચૈતન્યભાવમાં વળ્યો ત્યાં બંધન થતું નથી.

* જુઓ, આ ભેદજ્ઞાન કરવું તે મૂળ વાત છે. ભેદજ્ઞાન વગર કઈ તરફ ઝૂકવું ને કોનાથી છૂટવું– તેની ખબર પડે નહિ, રાગને ઊંડે ઊંડે સાધન માને તેનું વલણ આસ્રવ તરફ જ છે, તે આસ્રવોથી છૂટો પડતો નથી, આસ્રવોથી ભિન્ન ચૈતન્યને તે જાણતો નથી.

* અરે જીવ! આવા ભેદજ્ઞાનની એવી દ્રઢતા કર કે ત્રણ લોકમાં આસ્રવનો અંશ પણ ચૈતન્યસ્વભાવપણે ન ભાસે; આવું દ્રઢ ભેદજ્ઞાન થાય એટલે પરિણતિ અંતરમાં વળ્યા વગર રહે નહિ. પરિણતિ જ્યાં અંતરમાં વળી ત્યાં પવિત્રતા પ્રગટી, સ્વપર–પ્રકાશપણું પ્રગટયું અને અતીન્દ્રિયસુખ પ્રગટયું, એટલે દુ:ખનું કારણ ન રહ્યું, આ ભેદજ્ઞાનનું કાર્ય છે.

* ભાઈ, તારે ભગવાન થવું છે? તો ભગવાન થવાનું કારણ શું રાગ હોય? રાગ તો ભગવાનથી વિરુદ્ધભાવ છે, તે તો ભગવાન થવાનું કારણકેમ હોય? રાગથી જુદો પડીને ચૈતન્યસ્વભાવ તરફ વળવું તે જ ભગવાન થવાનું કારણ છે. ભગવાન ચૈતન્ય તો આનંદનું ધામ છે, તેમાંથી કદી દુ:ખની ઉત્પત્તિ થાય નહિ. રાગમાંથી તો આકુળતા અને દુ:ખની ઉત્પત્તિ થાય છે, તો તે ચૈતન્યનો સ્વભાવ કેમ હોય? અંતરના વેદનથી ચૈતન્યને અને રાગને અત્યંત જુદા પાડી નાખ!

* પહેલાં અજ્ઞાનદશા હતી ત્યારે–**अपनेको आप भूलके हैरान हो गया....** પરંતુ હવે જ્યાં ભેદજ્ઞાન થયું ત્યાં–**अपनेको आप जानके आनंदी हो गया....** ભેદજ્ઞાન થયું ત્યાં અજ્ઞાન ટળ્યું, જ્ઞાનમાં પ્રવર્ત્યો ને આસ્રવોથી નિવર્ત્યો, દુ:ખનું કારણ દૂર થયું ને સુખનું વેદન પ્રગટયું; આ બધાનો કાળ એક જ છે.

* આચાર્યદેવ જ્ઞાનના મહિમાંથી કહે છે કે અહો! પરમપરિણતિને છોડતું અને ભેદનાં કથનોને તોડતું જે આ પ્રત્યક્ષ સ્વસંવેદનરૂપ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે, તે જ્ઞાનમાં હવે વિભાવ સાથે કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ જ નથી, અને તેને બંધન પણ નથી. જાુઓ, આ જ્ઞાન!! જ્ઞાન પરભાવોથી છૂટયું; અહા, છૂટકારાના પંથે ચડેલા આ જ્ઞાનને બંધન કેમ હોય? મતિ–શ્રુત ક્ષાયોપશમિકજ્ઞાન હોવા છતાં સ્વસંવેદન તરફ વળ્યાં ત્યાં તે પ્રત્યક્ષ છે, અને તે જ્ઞાનને બંધન નથી, તેમાં વિકારનું કર્તૃત્વ નથી. ચૈતન્યના મધ્યબિંદુથી તે જ્ઞાન ઊછળ્યું છે, તેને કેવળજ્ઞાન લેતાં હવે કોઈ રોકી શકે નહિ.

# આત્મસાધક વીર બાહુબલી

ભરતચક્રવર્તીની સાથે ત્રિવિધ યુદ્ધમાં બાહુબલી વિજેતા થયા; ત્યારે ચક્રવર્તીએ ક્રોધપૂર્વક તેના ઉપર ચક્ર છોડયું, તે પણ નિષ્ફળ ગયું. આ પ્રસંગે બાહુબલી ( સમર્થ હોવા છતાં પણ ) વૈરાગ્ય પામીને, ઉત્તમ ક્ષમા ભાવ ધારણ કરીને નિજસ્વરૂપને સાધવામાં તત્પર બન્યા; ભરત ઉપર ક્રોધનો વિકલ્પ પણ તેમણે ન કર્યો; મુનિ થઈને અડગપણે સ્વરૂપમાં સાવધાનીથી ઉત્તમક્ષમાધર્મના આરાધક બન્યા.

ક્રોધની સામે ક્રોધ ન કરતાં વૈરાગ્યરૂપી બખ્તર વડે તેમણે પોતાના આત્માની રક્ષા કરી..... ઉત્તમ ક્ષમા ભાવ ધારણ કરીને ક્રોધને જીતી લીધો. ને વૈરાગ્યથી તેઓ વનમાં ચાલ્યા ગયા, રત્નત્રયની આરાધના કરીને ચૈતન્ય સાધનામાં લીન થયાં ને કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થયા. એ રીતે પોતાના આત્માને ક્રોધવડે હણાવા ન દીધો ને ઉત્તમ ક્ષમાધર્મ આરાધના પૂર્વક અડગપણે આત્મસાધનાપૂર્ણ કરીને પરમાત્મપદ સાધ્યું.

**ઉત્તમક્ષમાના મહાન આદર્શ આત્મસાધક સંતને નમસ્કાર હો,**

હે પ્રભો ! અમને પણ એવી આત્મસાધના આપો.

## હવે માત્ર એક સપ્તાહ બાકી.......

પૂ. ગુરુદેવની ૭૫મી જન્મજયંતી ( વૈશાખ સુખ બીજ ) ના હીરકજયંતી મહોત્સવ પ્રસંગે જે અભિનંદનગ્રંથ સમર્પણ કરવાનો છે તેને માટે. –

( ૧ ) આપના ગામના દિ. જિનમંદિરનો ફોટો ( ૨ ) મૂળનાયક ભગવાનનો ફોટો તથા નામ ( ૩ ) દિ. જૈનસંઘ–અર્થાત્ મુમુક્ષુમંડળનો ગ્રૂપ ફોટો અને ( ૪ ) સંઘ તરફથી શ્રદ્ધાંજલિ–આટલું આપે જો હજી ન મોકલ્યું હોય તો તુરત મોકલવા વિનંતિ છે. આપ આ સૂચના વાંચતા હશો ત્યારે ફેબ્રુઆરીનું પહેલું સપ્તાહ ચાલતું હશે, ને બીજા સપ્તાહમાં ગ્રંથનું પ્રીન્ટીંગ શરૂ થશે. એટલે હવે માત્ર એક સપ્તાહ બાકી !

મોકલવાનું સરનામું:–

અભિનંદન ગ્રંથસમિતિ
દિગંબર જૈન: મુમુક્ષુમંડળ
૧૭૩, ૧૭૫ મુમ્માદેવી રોડ
મુંબઈ-૨

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર




# સંસારસમુદ્રથી તરવા માટે મુમુક્ષુનું વહાણ

આ ભવસમુદ્રની મધ્યમાં, મોક્ષને સાધવા માટે મુમુક્ષુને એક સ્વદ્રવ્ય જ શરણરૂપ છે, બાકી બધા દ્રવ્યો અશરણ–અધ્રુવ છે. આ માટે પંખીનું દૃષ્ટાંત આપતાં આચાર્યદેવ કહે છે કેઃ જેમ મધદરિયામાં વહાણ ઉપર બેઠેલા પંખીને તે વહાણ સિવાય બીજાું કોઈ શરણ નથી, બીજો કોઈ આધાર નથી, એટલે આકાશમાં તે ગમે તેટલા ચક્કર લગાવે પણ અંતે તો થાકી થાકીને તે વહાણ ઉપરજ આવીને બેસે છે, વહાણ સિવાય બીજું કોઈ તેને શરણ કે આશ્રયરૂપ નથી. આકાશમાં ચક્કર લગાવે પણ ત્યાં તેને કોઈ આશ્રયસ્થાન નથી, આશ્રયસ્થાન તો એક વહાણ જ છે. નીચે ચારેકોર પાણીને ઉપર આકાશ–તેમાં વહાણ સિવાય કોઈ જ શરણ નથી. એટલે બીજી ગતિનો નિરોધ કરીને તે વહાણ ઉપર જ આવીને બેસે છે. જરાક ઊડે તો તે વહાણની આસપાસ જ ઊડે છે, વહાણનો આશ્રય છોડીને દૂર જતું નથી. ને અંતે તો વહાણ ઉપર જ આવીને બેસે છે. તેમ અહીં ભવસમુદ્રને તરવામાં મુમુક્ષુજીવ તે પંખી છે ને શુદ્ધઆત્મા તે વહાણ છે... મુમુક્ષુની પરિણતિ ફરીફરીને શુદ્ધાત્મામાં એકાગ્ર થાય છે. કેમકે આ ભવસમુદ્રની મધ્યમાં મોક્ષને સાધવા માટે મુમુક્ષુને એક પોતાનો શુદ્ધાત્મા જ ધ્રુવ શરણરૂપ છે. બાકી બધા સંયોગરૂપ ભાવો અધ્રુવ અને અશરણ છે. મોક્ષના મુસાફર મુમુક્ષુને નિજ શુદ્ધાત્મરૂપી વહાણ સિવાય બીજું કોઈ શરણ નથી, બીજો કોઈ આધાર નથી. એટલે અસ્થિરતાથી કદાચ વિકલ્પ થાય ને બહિર્ભાવરૂપી ગગનમાં ઉડે તોપણ સ્વદ્રવ્યના જ અવલંબનની બુદ્ધિ હોવાથી અંતે તો પરિણતિ શુદ્ધાત્મામાં જ આવીને ઠરે છે શુદ્ધાત્મા સિવાય બીજું કાંઈ શરણરૂપ કે આશ્રયરૂપ નથી. વિકલ્પ આવે તો તે આકાશમાં ચક્કર લગાવવા જેવા છે, તે આશ્રયરૂપ ભાસતા નથી. શુદ્ધાત્મા જ આશ્રયરૂપ વહાણ જેવો છે. આ રીતે મોક્ષને માટે બીજી ગતિનો નિરોધ હોવાથી મોક્ષાર્થીની પરિણતિ સ્વદ્રવ્યનું જ અવલંબન કરે છે. વિકલ્પ ઊઠે ત્યારેય શ્રદ્ધામાંથી શુદ્ધાત્માનું અવલંબન છૂટતું નથી ને પરિણતિ શુદ્ધાત્માની આસપાસ જ રહે છે, શુદ્ધાત્માંથી દૂર જતી નથી. એટલે તે મુમુક્ષુજીવરૂપી પંખી શુદ્ધાત્મારૂપી વહાણમાં બેસીને અલ્પકાળે ભવસમુદ્રથી પાર થઈને મોક્ષપુરીમાં પહોંચે છે.